
॥ હરિઃૐ ॥

Published by Hariom Ashram, Nadiad, Gujarat

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)

Year : 7 • Issue : 1 • 5th July, 2024 • Price : Rs. 10



# પ્રાર્થના

## (ધૂણીવાળા દાદા - પૂ. કેશવાનંદજીને)



(પૂજ્ય શ્રીમોટાના ગુરુ પૂ. કેશવાનંદજી-ધૂણીવાળા દાદાને સંબોધીને કેશવાનંદ આશ્રમ, તુલસીબાગ, નાગપુર-૨માં રોજ ગવાતી સંસ્કૃત-હિન્દી પ્રાર્થનાથી પ્રેરાઈને શ્રી વૈકુંઠ ઉપાધ્યાયે આ પ્રાર્થના ગુજરાતીમાં રચી છે. આ પ્રાર્થનાના મૂળ રચયિતા પ્રો. જી. આર. સાકલ્લે છે. 'શ્રીદાદાજી ગૌરવગાથા' નામના પુસ્તકમાં એ પ્રાર્થના પ્રગટ થઈ છે.)

(૧)

જેને યાદ કર્યાથી દુઃખ સઘળું, ભાગી જતું સર્વદા,
જેના પાદનો સ્પર્શ માત્ર મળતાં, સૌ તીર્થનું પુણ્ય ત્યાં;
જેનાં દર્શનમાત્રથી સતત જે કાર્યો થતાં પુણ્યનાં,
એવા સદ્‌ગુરુ સંતને નમને હો, દેજો રૂડી આશિષો.

(૨)

માયા શબ્દ દ્વિઅક્ષરી પણ છતાં, બ્રહ્માંડને આવરે,
કેશવતાત જલે થલે નભ વિષે, માંગલ્ય પ્રેરી રહે;
જેણે સૌ રચના કરી જગતની, સર્વત્ર જે છે વસ્યો,
છે નિરંજન તું વિભુ જગતમાં, વંદુ નિરાકારને.

(૩)

તું છે ધામ સદાય સર્વ સુખનું, મુક્તિતણું દ્વાર તું,
તું છે કેશવ સંત હે હરિહર, ભક્તતણો પાલક તું;
તું ઉદ્ધારક છે પ્રભુ જીવનમાં, ભવાર્ણવે તારજે,
આવે ભક્જનો તને સમરતાં, તેને પ્રભુ દોરજે.

(૪)

દૃષ્ટિગમ્ય નથી છતાંય પ્રતિભા જેની દીસે યોગીને,
તે છે નિર્ગુણ મોક્ષ હેતુ જગમાં, તત્ત્વાર્થીથી મૂલ જો,
જેનું જ્ઞાન થતાં સમસ્ત શ્રુતિનું, જ્ઞાતૃત્વ આવી રહે,
તે ૐકાર સુશબ્દ જે પ્રણવનો, તારા થકી માનજે.

(૫)

આજે રંગ દીસે અહો અવનવા, પૂર્વે ઊગ્યો સૂર્ય ત્યાં,
આજે રક્ત ગુલાબી નીલ મીતને, પાડે નવી ભાત ત્યાં;
આજે સંકટ સર્વ દૂર કરીને, આ દીનનાં કાપજો,
'દાદાજી', સહુ ભક્તલોક તમને, વંદે સદા સાથ હો.

(૬)

તું સર્વત્ર વસી રહ્યા જગતમાં, સર્વજ્ઞ સામર્થ્યથી,
જાણીને નિજ દાસની અવદશા, હૈયે સદા રાખજો;
ના હું જાણું પૂજાવિધિ કંઈ પણ, ના આરતી વંદન,
તારું નામ સ્મરી શકું હૃદયથી, કૃપા કરો એટલી.

(૭)

તું આધાર જ સર્વ દુઃખીજનનો, રક્ષેશ્વર રક્ષજે,
માગું હું પ્રભુ એટલું તુજ કને, ના ચિત્ત મારું ડગે;
રાખી નિત્ય આ દાસને સ્મરણમાં, દૃષ્ટિ અમી રાખજે,
પ્રાર્થું કેશવ આટલું : અંત સમયે, દર્શન પ્રભુ આપજે.

(૮)

બ્રહ્મા વિષ્ણુ મહેશ એ ત્રિપુટી છે સત્ત્વાદિ છે ત્રિગુણો,
વર્ષે મુખ્ય જ છે ખરી ત્રણ ઋતુ, ત્રિ અગ્ર છે ત્રિશૂલે;
સંધ્યા વિપ્ર કર્યા કરે દિવસમાં, ત્રિ અંક પુણ્યે ભર્યો,
છે આ અક્ષર ત્રણ કેશવ મહીં, તે પ્રેરજો મંગલ.

(હરિવાણી જાન્યુ.-૧૯૯૩ પૃષ્ઠ-૨૩)

હરિ:ૐ આશ્રમ, નડિયાદ પ્રકાશન

# હરિ:ૐ ગુંજન

**'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)**

**વર્ષ-૭, અંક-૧ માનદ્ તંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ જુલાઈ-ઓગસ્ટ, ૨૦૨૪**

## હરિ:ૐ આશ્રમમાં આવનાર સ્વજનોને પૂજ્ય શ્રીમોટાનો પત્ર

પ્રિય, ૨, ઓક્ટોબર, ૧૯૬૪

જેમ સંસાર વહેવારમાં બને છે, તેવી રીતે આશ્રમ પણ એક પ્રકારનો સંસાર વહેવાર છે. ત્યાં રહેનારાઓ સિદ્ધ પુરુષ થઈ ગયા નથી. અને તેમને પોતપોતાની પ્રકૃતિ અને સ્વભાવ હોય છે. આશ્રમમાં આવનારે પોતાનું લક્ષ અને દિલ તેમાં વસનારાં માનવી પરત્વે રાખવાનું હોય જ નહિ. તેણે તો જેની સાથે દિલ જોડાયું છે અથવા તો જેની સાથે દિલ જોડવું છે તેની સાથે ગરજ રાખવાની હોય. (મતલબ કે મોટા સાથે દિલ રાખવાનું હોય).

ગાંધીજી સાબરમતી આશ્રમમાં જ્યારે રહેતા હતા ત્યારે તે આશ્રમમાં કેટકેટલી વિવિધ પ્રકૃતિના માણસો રહેતા, તે જાતમાહિતીની હકીકત છે. કેટલાયનાં દિલમાં એવો પ્રશ્ન પણ ઊઠેલો કે ગાંધીજી આવા માણસોને કેમ રાખતા હશે ? પરંતુ ગાંધીજી તો તેવાં તેવાં બધાં પાસેથી દેશનું કામ જ લીધા કરતા. જેના વડે શાક સમારાય તે છરી, તે રીતે માનવીનો તે ઉપયોગ કરતા, સાથે સાથે તે તે બધાંયની સાથે તેમની પ્રકૃતિને અને સ્વભાવને મહત્ત્વ ન આપતાં, દિલનો ભાઈચારો કેળવવાને મથતા. નાનામાં નાના માણસને તે મહત્ત્વ દેતા.

મારે પણ આશ્રમ ચલાવવાનો છે. મારી જાતને જ હું પોતે સંપૂર્ણ માનતો નથી, ત્યાં બીજાઓનું તો શું કથવું ? હું તો મારા આશ્રમમાં આવનારાં બધાં સ્વજનોને કહું છું કે, **'તમે આશ્રમે પધારો તો મારી ખાતર ના પધારો, પણ તમારા જીવનવિકાસના હિતની ગરજ તમને પ્રગટી હોય અને પ્રભુકૃપાથી કરી આ જીવથી કરીને તમારું થોડું ઘણું હિત સધાતું હોય તો તે જ લક્ષમાં રાખીને આવવાનું બને તો જ આવવું. અને જે તે બધું પ્રેમથી નિભાવી લેવાની દિલની ગરજ પ્રગટેલી હોય તો જ તેમ બની શકવાનું છે.'**

**લિ. તમારા મોટાનાં વહાલ**

## જાગતું ચેતન

તમે **'મોટા'**ને ખૂબ યાદ કર્યા કરજો. જો હૃદયના સાચા ભાવથી મોટાને યાદ કરશો તો **'મોટા' એ કંઈ માટીનું ખાલી પૂતળું નથી. જેમ સહુ કોઈનામાં ચેતન** છે તેમ એનામાં **'જાગતું ચેતન'** છે. તેનો તમને અનુભવ થશે. **એક વાર 'મોટા'નો તમને હૃદયથી અનુભવ થયો તો તમને ઘણી જ હિંમત આવી જવાની છે,** ને પછી તો તમે **'મોટા'ને કદી જ છોડી શકવાના નથી.** માટે જે ઉપાયો બતાવ્યા છે તે કરતા રહેજો; ને ભગવાનનું નામ લેતા રહેજો. હૃદયથી પ્રાર્થના કરતા રહેજો ને મોટાનો પણ અનુભવ લેતા રહેજો. તમારા અનુભવથી બીજા જીવોને લાભ થવા સંભવ રહેલો છે.

**તમને મારા હૃદયની વિનંતી છે કે બતાવેલાં સાધન, ઉમંગથી, ઉત્સાહથી, શાંત અને પ્રસન્નચિત્તે કરતા રહેશો તો જ કંઈક પરિચય થયાનો અર્થ સધાય.** નામનો મહિમા ભારે છે; જે તે કંઈ કરતાં કરતાંયે એનું સતત એકધારું સ્મરણ જીવતું કાયમ રહી શકે તેટલું કર્યા કરજો. એનું સ્મરણ જીવતું થતાં તેમાં ભાવ પણ પ્રગટવા માંડશે. હમણાં તો બધું જ મહત્ત્વ શ્રીભગવાનના સ્મરણમાં જ આપ્યા કરવાનું છે. જીવનનું આપણું તે એક જ કામ મહત્ત્વનું છે.

**જીવન પ્રેરણા, ત્રીજી આ : પૃ. ૯૧-૯૩** **— શ્રીમોટા**

વર્ષ-૭, અંક-૧ | હરિઃૐ ગુંજન | જુલાઈ-ઓગસ્ટ, ૨૦૨૪
WEBSITE : www.hariomashram.in E-MAIL : hariommota10@gmail.com

**ટ્રસ્ટીમંડળ**

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

**પમી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**

બદલાયેલ સરનામાની જાણ ગ્રાહક નંબર સાથે આશ્રમના વોટ્સએપ નંબર ઉપર અથવા હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ- ૩૮૭૦૦૧ને કરવી.

**હરિઃૐ આશ્રમ, નડિયાદ**
**આશ્રમ : ૭૮૭૮૦ ૪૬૨૮૮**
**પરેશભાઈ : (મો.) ૯૪૦૮૯ ૨૦૭૫૭**
**રાજેન્દ્રભાઈ : (મો.) ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**લવાજમ**

છૂટક નકલ : રૂ. ૧૦/- વાર્ષિક : રૂ. ૬૦/-
પાંચ વર્ષ : રૂ. ૨૫૦/- દસ વર્ષ : રૂ. ૪૦૦/-

**પ્રકાશન સ્થળ : હરિઃૐ આશ્રમ, પો.બો. ૭૪, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧**

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા

| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પૂજ્ય શ્રીમોટાની ઉપાસનાપ્રણાલી | - ડૉ. અરુણોદય ન. જાની | ૫ |
| ૨. | લગ્ને લગ્ને કુંવારા—શ્રીમોટા | - શ્રી અપૂર્વ દત્ત | ૭ |
| ૩. | હરિઃૐ આશ્રમના મૌનમંદિરનું ગુઢત્ત્વ | - સંકલન - રાજેન્દ્રભાઈ રાવલ | ૧૦ |
| ૪. | ગુરુ | - શ્રીમોટા | ૧૬ |
| ૫. | ‘ગુરુપૂર્ણિમા’ની ઊજવણી | - કાર્તિકેય અ. ભટ્ટ | ૨૩ |
| ૬. | પૂજ્ય શ્રીમોટાને ૮૯મો સાક્ષાત્કાર દિન સંક્ષિપ્ત અહેવાલ | - મેનેજિંગ ટ્રસ્ટી, સુરત | ૨૫ |

**હરિઃૐ આશ્રમ નડિયાદ, ગુરુપૂર્ણિમા ઉજવણીની વધુ વિગતો ટાઈટલ પેજ નં. ૩ ઉપર આપેલ છે.**

**હરિઃૐ આશ્રમ, નડિયાદને દાન-ભેટ આવકાર્ય છે.**

આશ્રમના બેંકખાતામાં કોઈ પણ બેંકની પેમેન્ટ એપ, RTGS, NEFT, IMPS, UPI મારફતે દાન/ભેટ મોકલી શકાય છે.

| | | |
|---|---|---|
| એકાઉન્ટનું નામ | : | **હરિઃૐ આશ્રમ, નડિયાદ,** HARI OM ASHRAM, NADIAD |
| બેંકનું નામ | : | BANK OF BARODA - બેંક ઓફ બરોડા, Mission Road Branch, Nadiad |
| સેવિંગ્સ એકાઉન્ટ નંબર | : | 72850100008267 |
| IFSC કોડ | : | BARB0DBMISS (Fifth Character is ZERO) (પાંચમો આંકડો શૂન્ય સમજવો.) |

ઓનલાઈનથી દાન મોકલનાર **સ્વજને તેમનું પૂરું નામ, અટક, સરનામા (પીનકોડ સહિત)**ની જાણ દર્શાવેલ આશ્રમના વ્હોટ્સએપ નંબર ઉપર **મોબાઈલ નંબર, પાનકાર્ડ** સાથેનો ઈ-મેઈલ અચૂક કરવાથી જ ઈન્કમટેક્ષમાંથી કરમુક્તિને પાત્ર IOBE સર્ટી આપી શકાશે. અન્યથા કરમુક્તિ મળશે નહીં. **(ઈન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦(જી)(૫) અન્વયે ભેટની રકમ કરમુક્તિને પાત્ર છે.)**

**વ્હોટ્સએપ નંબર : પરેશભાઈ શાહ (મેનેજર) : ૯૪૦૮૯ ૨૦૭૫૭ અથવા રાજેન્દ્રભાઈ રાવલ : ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**ઉપરોક્ત પદ્ધતિથી ‘હરિઃૐ ગુંજન’નું લવાજમ પણ મોકલી શકાશે.**

## ૧. પૂજ્ય શ્રીમોટાની ઉપાસનાપ્રણાલી

- ડૉ. અરુણોદય ન. જાની

કોઈ પણ સંતની ઉપાસનાપ્રણાલી વિશે કહેવું કે લખવું એ એક મુશ્કેલ કાર્ય છે. છતાં સંતને પોતાને પારખવા કરતાં સંતની ઉપાસનાપ્રણાલી અંગે અનુમાન કરવું એ કંઈક અંશે સહેલું છે. કારણ કે સંતના જીવન ઉપરથી, તેની રહેણીકરણી, આચારવિચાર તેમ જ વાણી અને ઉપદેશ ઇત્યાદિ સાધનો વડે સંતની ઉપાસનાપ્રણાલી વિશે કંઈક અનુમાન તારવી શકાય છે.

પૂજ્ય શ્રીમોટાના જીવનચરિત્રમાં તેમની સાધનાના ભિન્ન ભિન્ન તબક્કાઓ જોવા મળે છે. તેઓનું પોત સામાજિક કાર્યકર્તાનું હતું. પરંતુ સાથે સાથે ઈશ્વરભક્તિ પણ એમને આરંભથી જ વરી હતી. પોતાનાં રચનાત્મક કાર્યો દરમ્યાન પણ ઈશ્વરપ્રાર્થના, નામસ્મરણ વગેરે સતત ચાલુ જ રહેતાં. રોગમાંથી મુક્ત થવા એક સંતે તેમને હરિઃૐ મંત્રના જપનું સૂચન કર્યું. ચુસ્ત સમાજસેવકને આરંભમાં આ માર્ગમાં શ્રદ્ધા ન થઈ. પરંતુ શ્રીમોટાના આધ્યાત્મિક મા અને ગાંધીજીએ જ્યારે એને અનુમોદન આપ્યું ત્યારે તેમને વિશ્વાસ પડ્યો અને હરિઃૐ મંત્ર એમનો ઇષ્ટમંત્ર બન્યો. **સાધનાકાળ દરમિયાન પૂજ્ય શ્રીમોટાએ અઢારથી ઓગણીસ કલાક સતત નામસ્મરણ કર્યાનું તેમણે જાતે જણાવેલું છે.**

ઉપાસનામાર્ગમાં શરીરની બાહ્ય શુદ્ધિ જેટલી જરૂરી છે તેટલી જ આંતરિક શુદ્ધિ જરૂરી છે. યોગશાસ્ત્રમાં યમ, નિયમ આદિથી આ આંતરિક શુદ્ધિનો માર્ગ સૂચવ્યો છે. **તંત્રશાસ્ત્ર પ્રમાણે મનુષ્યના શરીરમાં બોંતેર હજાર નાડીઓ છે. આ નાડીઓની અશુદ્ધિ દૂર થઈ જ્યારે તેમાં શુદ્ધ પ્રાણવાયુનો પ્રવાહ વહેતો થાય છે ત્યારે જ માનવશરીર ગુરુની ચેતનાના કે દિવ્ય ચેતનાના પ્રવાહને ઝીલી અને જીરવી શકવા સમર્થ બને છે.** પૂજ્ય શ્રીમોટાની નાડી શુદ્ધિની આ પ્રક્રિયા પૂજ્યશ્રી ઉપાસની મહારાજે તેમને સાકોરી બોલાવી કેવી રીતે કરાવી તે આપણને સુવિદિત છે.

તે પહેલાં પૂજ્ય શ્રીમોટાને પૂજ્યશ્રી બાલયોગીજી દ્વારા વ્યવસ્થિત દીક્ષાપ્રાપ્તિ ડભાણ જતાં આવેલા એકાંત બંગલામાં કેવી રીતે થઈ તથા ખંડવાના પૂજ્ય શ્રી કેશવાનંદજી મહારાજ (ધૂણીવાળા દાદા)ની તેમના ઉપર કેવી કેવી આકરી પરીક્ષાઓ થઈ અને પૂજ્ય શ્રીમોટાએ તે તે પરીક્ષામાં કેવી સફળતા પ્રાપ્ત કરી તે પ્રસિદ્ધ છે.

પૂજ્ય શ્રીમોટાનો બાલ્યકાળ અત્યંત ગરીબીમાં વ્યતીત થયો હોવાથી નમ્રતાનો ગુણ જન્મથી જ એમના લોહીમાં જ ઊતર્યો હતો. **ઉપરાંત સાધનાકાળ દરમિયાન પૂજ્ય શ્રીમોટાએ અભય, મૌન અને એકાંતસેવન આ ગુણો વિકસાવવા માટે તનતોડ પ્રયત્નો કર્યા છે.** પૂજ્યશ્રીએ કરેલી આ ગુણોની ઉપાસના સમજવા જેવી છે.

પ્રોફેસર રામચંદ્ર દામોદર રાનડે જેવા તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપક અને રહસ્યવેત્તાએ આ પ્રકારની ઉપાસના પદ્ધતિ ઉપર ખૂબ સુંદર પ્રકાશ નાખ્યો છે. તેમની દૃષ્ટિએ **ધ્યાનના મુખ્ય ત્રણ પ્રકાર છે. (૧) Ideological અથવા ભાવનાત્મક (૨) Moral એટલે નૈતિક સદ્‌ગુણોની ખીલવણી અને (૩) Mystical અથવા રહસ્યવાદી.** આ ત્રણ પૈકી પૂજ્યશ્રીની સાધનાપ્રણાલીમાં નૈતિક ધ્યાનનો મોટો ફાળો હોવાથી તે વિગતે જોઈશું.

થિયોસોફીની Esoteric Section (E. S.)માં પણ આ પ્રકારના નૈતિક ગુણોની ખીલવણી પર જ ભાર મૂકવામાં આવ્યો છે. **નૈતિક ધ્યાનની આ પદ્ધતિ પ્રમાણે કોઈ એક સદ્‌ગુણને પસંદ કરી તેને જીવનમાં ધીમે ધીમે દૃઢ કરવાનો પ્રયત્ન કરવાનો હોય છે.** અભયનો ગુણ ખીલવવો હોય તો પોતાના રોજબરોજના જીવનમાં દરરોજ તેનું આચરણ

કરવાની તક ઝડપી લેવી જોઈએ. જ્યાં જ્યાં ભય હોય ત્યાં ત્યાં જાણીબૂઝીને ધસી જઈ જાતને જોખમમાં નાંખી અભયની ભાવનાને દઢાવવી જોઈએ. આ પ્રકારના સતત આચરણથી અભયનો ગુણ જીવનમાં સિદ્ધ થાય છે. મહાત્મા ગાંધીજીનું જીવન આ રીતે સત્ય અને અહિંસાની સાધનાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

પરંતુ આ પ્રકારના સદ્‌ગુણો અનેક હોવાથી તે બધાને સિદ્ધ કરવા જતાં અનેક જન્મોની સાધના જરૂરી હોય છે. **જ્યારે ભક્તિમાર્ગ દ્વારા ધીમે ધીમે સાધક જ્યારે ગુણાતીત અવસ્થાએ પહોંચે છે ત્યારે આ બધા સદ્‌ગુણો તેનામાં આપોઆપ પ્રગટે છે.** પૂજ્ય શ્રીમોટાએ અભય સાધવા સ્મશાન જેવા ભયાનક સ્થળોએ અનેક રાત્રિઓ વિતાવી છે. ભયંકર એકાંતનું સેવન કર્યું છે. **આમ પૂજ્યશ્રીએ પોતાના જીવનમાં ભક્તિની ભૂમિકા રચીને એકાંતસેવન, અભય, નમ્રતા અને મૌન વગેરે ગુણોની ખીલવણી કરી તેમને સિદ્ધ કર્યા છે.**

પ્રોફેસર રાનડેએ આપેલી ગુણોપાસનાની પ્રક્રિયાનું સમર્થન પૂજ્ય શ્રીમોટાએ પોતાના **ભાવ** નામના પુસ્તકમાં નીચે પ્રમાણે કર્યું છે.

**''ભાવ તે વધતો રહે ને જીવ તો પ્રકટ્યાં કરે,**
**એ રીતે સાધનાભ્યાસે રહેવું વળગી અંતરે.''**

**સદ્‌ગુણો એ પરમાત્માની વિભૂતિ છે—સ્વરૂપો છે. આ સદ્‌ગુણો સિદ્ધ થતાં સાધકને મન તે માત્ર ગુણો જ ન રહેતાં તેના ઈષ્ટ આરાધ્યદેવ બની જાય છે.** પોતાનાં દઢ થયેલા ગુણો, એક દીપથી બીજો દીપ પ્રગટે તેમ, અન્યમાં પ્રગટે અને સમાજમાં તેનો વિકાસ થાય તે જ સાધકનું એકમાત્ર જીવનકાર્ય (Mission) બની જાય છે, કારણ કે જેમ જેમ આ ગુણો સમાજમાં ખીલતા જાય છે તેમ તેમ સાધકના મનરૂપી કમળની પાંખડિયો પણ ખીલતી જાય છે. મહર્ષિ અરવિંદ લખે છે કે : ''પ્રભુનો સાક્ષાત્કાર એ જ એકમાત્ર જરૂરની વસ્તુ છે, એ સિવાયની અન્ય સર્વ વસ્તુઓ આ લક્ષ્ય સાધવામાં જેટલી મદદરૂપ થતી હોય કે એ પ્રત્યે લઈ જતી હોય અથવા તો એ લક્ષ્ય સિદ્ધ થઈ ગયા પછી જેટલા પ્રમાણમાં આ સાક્ષાત્કારનો વિસ્તાર કરવામાં કામ આપતી હોય તેટલા પ્રમાણમાં જ ઈચ્છવા જેવી રહે છે.''

..... પૂજ્ય શ્રીમોટા **ભાવ**માં કહે છે કે :

**''થવા સાકાર તો ભાવ કર્મ અગત્યનાં ખરે,**
**કર્મને પ્રભુપ્રીત્યર્થ તે તે આચરવાં ઘટે.''**

આ રીતે સાધક ઈશ્વરપ્રીત્યર્થે કર્મ કરતો રહે છે.

ભારતની અને ખાસ કરીને **ગુજરાતી પ્રજામાં શૌર્ય, મર્દાનગી, નીડરતા, સાહસ, ધૈર્ય, જ્ઞાન વગેરે ગુણો પ્રગટે એ દૃષ્ટિએ પૂજ્યશ્રીએ લાખો રૂપિયા એકત્ર કરી, તેનાં અનેક ફંડો કરી, મહાજન શક્તિદળ, તરણસ્પર્ધા, જેવાં કાર્યો, જ્ઞાનપ્રચાર માટે જ્ઞાનગંગોત્રી, કિશોર ગ્રંથાવલિ, વેદપરિચય પુસ્તિકાઓ ઈત્યાદિનાં પ્રકાશન કાર્યો, કલાક્ષેત્રે ઉત્તેજન આપવા સુવર્ણ ચંદ્રક પ્રદાનની યોજના તથા વિજ્ઞાનના સંશોધન ક્ષેત્રે પ્રગતિ માટે U.G.C. ને એક મોટું ફંડ આપવાની યોજના ઈત્યાદિ અનેક યોજનાઓ પૂજ્યશ્રીએ ઉપાડી છે અને સફળ બનાવી છે.** તેઓએ રચનાત્મક કાર્યો માટે આજ સુધીમાં રૂપિયા ૩૦ લાખ કરતાંયે વધુ રકમનું જે દાન કર્યું છે અને બીજા ૧૦ લાખની ત્રણ યોજનાઓ પરિપૂર્ણ થવા ઉપર છે – તે આજના જમાનામાં અભૂતપર્વ અને અદ્વિતીય સિદ્ધિ છે. સંતની દૃષ્ટિ ભાવિને આરપાર જોનારી હોય છે. તેથી ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી પૂજ્યશ્રીએ આ જે જે યોજનાઓ અમલમાં મૂકી છે તેનાં ફળ ભવિષ્યની પ્રજાને નિ:સંશય ચાખવા મળશે. પોતાનું શરીર લગભગ અર્ધા ડઝન જેટલા અસાધ્ય રોગોથી આક્રાન્ત હોવા છતાં પૂજ્યશ્રી ઝંપતા નથી, આરામ કરતા નથી અને એક યોજના પૂરી થઈ ન થઈ ત્યાં તો બીજી યોજના જાહેર કરતા જ જાય છે.

**અનુસંધાન પાના નં. ૯ પર**

## ૨. લગ્ને લગ્ને કુંવારા—શ્રીમોટા — શ્રી અપૂર્વ દત્ત

**''અમારું જે જીવન સાચું બધું અંતરનું જીવન તે,**
**શકે જાણી ન કોઈયે, અવરને ના ગતાગમ છે.''**

— 'જીવનસ્મરણ'

પૂજ્ય શ્રીમોટાએ જીવન અનુભવની કથની હમણાં હમણાંથી પ્રગટ કરવા માંડી છે. આ ઘટનાનું મૂલ્ય ઘણું છે. કેમ કે એથી એમના જીવનને યત્કિંચિત્ પણ સંકેતથી કદાચ સમજી શકાય તો એ કૃપાપ્રસાદી જ બની રહે.

શ્રીમોટાને આપણે જે રીતે જોઈએ છીએ, જે રીતના આપણે એમને સમજવા મથીએ છીએ એમાં આપણા અભિગમો અને નિર્ણયો અધૂરાં છે. કેમ કે બુદ્ધિ, સમજ અને માન્યતાઓ દ્વંદ્વમાં બંધાયેલી છે એટલે એ અપૂર્ણ છે. આપણો આ રીતે શ્રીમોટાને સમજવાનો પ્રયત્ન અપૂર્ણ જ છે. શ્રીમોટાએ 'જીવનસ્મરણ' પુસ્તકમાં લખેલી એક ગઝલમાંથી મૂકેલી ઉપરની પંક્તિઓ સ્વયંસ્પષ્ટ જ છે.

આમ છતાં પૂજ્ય શ્રીમોટા આપણા સૌની વચ્ચે જે વ્યવહાર યોજે એમાં એમની લીલા કેવી વિલક્ષણ છે ! — એનો અર્થ કરવામાં હું પણ કશી 'ગતાગમ' વિનાનો છું. એવી સ્થિતિ હોવાથી તો મને થયેલી વૃત્તિથી આ લખવા પ્રવૃત્ત થયો છું !

શ્રીમોટા આપણી સાથેના સામાન્ય વ્યવહારની વાતચીતમાં જીવનવિકાસની માર્મિક વાત સૂક્ષ્મ રીતે કરે છે એવું મેં ઘણીવાર અનુભવ્યું છે.

એક દિવસ એક વૃદ્ધ માતા પૂજ્ય શ્રીમોટા પાસે દર્શન કરવા આવેલાં. એમની સાથે વાતો કરતાં કરતાં શ્રીમોટા કહે : ''બા, તેં તો કેટલાનાંય લગન કરાવ્યાં. પણ મારું લગન તું કરાવી આપને ! મારી શી દશા થશે !''

બીજા એક પ્રસંગમાં એક યુવતી લગ્નની તૈયારી કરતી હતી. એ શ્રીમોટા પાસે આવેલી. શ્રીમોટા કહે, ''તું મારી સાથે લગ્ન કરીશ ?''

**શ્રીમોટા સાથે ખૂબ ખુલ્લા મનથી વાતો કરતાં એક સન્નારીને શ્રીમોટા કહે : ''હું પુરુષોની ખુમારીની ખબર લઈ નાખીશ. મારી હાહુના શું સમજી બેઠા છે ! બૈરી એ કૈં ગુલામડી છે ?''**

પેલાં સન્નારી કહે : ''મોટા, જેની સાથે પૈણ્યા હોઈએ છીએ એ ધણીના રૂઆબની તમને કેવી રીતે ખબર પડે ? આવતા જન્મે સ્ત્રીનો અવતાર લો ને પરણો ત્યારે ખબર પડે !''

શ્રીમોટા હસતા હસતા કહે : ''હું સ્ત્રીનો અવતાર લેવાનો છું,. પણ લગન નહિ કરું. પણ આ પુરુષોના તુમાખીપણાની ખબર લઈ નાંખીશ.''

''પણ મોટા, લગન કર્યા વિના કશી જ ખબર ના પડે !''

હસાહસી વચ્ચે આ સંવાદ ચાલતો હતો. ત્યાં શ્રીમોટા કહે : **''મારો ધણી તો સમર્થોનોય સમર્થ છે. એની જ સાથે મેં લગ્ન કરેલાં છે. એની સાથે લગ્ન કરવામાં શી વીતે—એની તમને કોઈનેય શી ગતાગમ પડે ?''**

એકાદ વખત શ્રીમોટાને 'જોવા' આવનાર આવું દશ્ય જોઈને કે આવો સંવાદ સાંભળીને જાય તો એ જરૂર મૂંઝવણ અનુભવે ! **શ્રીમોટા જ્યારે પણ 'લગ્ન'ની વાત કરે છે ત્યારે એ લગ્નનો સંદર્ભ આત્મરૂપ ઈશ્વર સાથે છે. શ્રીમોટાએ તો સગુણ અને નિર્ગુણ પરમાત્મ—શક્તિનો સાક્ષાત્કાર કર્યો છે. અને સર્વત્ર વિદ્યમાન અને સક્રિય રહેતી પરમ શક્તિના સર્વ હેતુઓથી જ્ઞાત આ શરીરધારી 'મોટા' એમનાં બધાં જ કાર્યો દ્વારા અને વ્યક્તવ્ય તેમ જ વ્યક્તિત્વ દ્વારા ઈશ્વર પરમ હેતુને જ પ્રગટ કર્યા કરે છે.**

જ્યારે શ્રીમોટા કહે છે કે, ''મારાં લગ્ન કોઈ કરાવી આપતું નથી. — મારી સાથે તો કોઈ લગ્ન કરતું નથી.''

**ત્યારે આ ઉદ્‌ગારો પાછળ શિવનું જીવ ને અદ્વૈત માટેનું પ્રેમભર્યું ઈજન છે. શ્રીમોટાનો ''હુ'' એ અસામાન્ય છે. પ્રત્યેક જીવ સાથેનો પ્રેમસંબંધ ન્યારો છે.** એ તો એમના સંપર્કમાં આવનાર સૌ કોઈ જાણે છે. શ્રીમોટાએ એક ગઝલમાં લખ્યું છે કે, **''અમારે ચાહવા કેરી બધાને રીત ન્યારી છે. !'' આ ન્યારી રીત જ અકળ છે. આ અકળ કળાનો કર્તા પોતાની બધી જ કળાને છુપાવીને જ્યારે વ્યક્ત થાય છે ત્યારે એ એની 'લીલા' બની રહે છે.**

શ્રીમોટા ભિન્ન ભિન્ન રીતે—ન્યારી રીતે આવી કળા પ્રગટાવ્યા કરે છે. **એમની તળપદી વાણી વ્યવહારના અર્થને ભેદીને પરમ—અર્થને સાધે છે.** કોક જીવ ને જ્યારે એ સીધું જ પૂછે છે : ''તું મારી સાથે લગ્ન કરીશ ?'' જીવ આ પ્રશ્નનો શો ઉત્તર આપે ?

આમેય લગ્ન કરવું એ ક્યાં સામાન્ય ઘટના છે ! સાંસારિક અને વ્યવહારિકમાં લગ્ન 'एकता'નો હેતુ સાધવા માટે છે. પરંપરિત અને રૂઢ થયેલા આચારોનું એમાં રૂપાંતર કરવાનું હોય છે. **પ્રિય પાત્રને જે પ્રિય હોય એનેય ચાહવાની સાધના કરવાની હોય છે. અને જેની સાથે લગ્ન થયું હોય છે એના જ વિચારો અને એના પરત્વેનું આકર્ષણ પણ તીવ્ર જ રહ્યા કરતું હોય છે.** સૌ સંસારીઓનો આ અનુભવ છે.

**જીવનના વિકાસ માટે પ્રભુ સાથે આવું લગ્ન કરવાનું હોય છે.**

ખાસ અર્થમાં **'પ્રેમલગ્ન'** કરવાનું હોય છે. શ્રીમોટા કહે છે **આ પ્રેમમાર્ગ 'શૂરા'નો છે એમાં માત્ર સમજવાનું જ હોય છે, કશી જ અપેક્ષા રાખવાની હોતી નથી.** શ્રીમોટા આ વાત પણ વારંવાર કહે છે **— ''કશી આશા અપેક્ષા વિના જ આપવાનું''** તેઓશ્રી કહે છે એમાં પ્રેમમાર્ગ પરના વ્યવહારનો જ ઉપચાર સૂચિત છે. પણ આપણે સૌ જીવો શ્રીમોટા કહે એવું લગ્ન કરવા ક્યાં સજ્જ છીએ ? **લગ્ન કર્યાં એટલે તો પ્રેમી રીઝે એમ જ જીવનની ગતિ ગોઠવવાની હોય ! પછી તો 'પોતાનું' કશું જ રાખવાનું ન હોય, આ कर्म કેવું મહત્‌ બની જાય છે. !**

શ્રીમોટા આવું—સાચી રીતનું લગ્ન કરવા જ સૂચવતા હોવા જોઈએ.

આપણે સૌ એમના ઉત્સવોમાં **'મ્હાલીએ'** છીએ. **એમના ઉત્સવને પૂ. શ્રીમોટા 'લગ્ન'ના દિન તરીકે ઘણી વાર ઓળખાવે છે. પૂ. શ્રીમોટાનો આ સંકેત ખૂબ જ ગૂઢ છે.** આવા અનુભવીઓ માટે અનંતકાળમાં આવતી આવી ક્ષણો ઘણી જ મહત્ત્વની હોય છે. કેમ કે **ઉત્સવના જે તે દિવસોનું એમના જીવનના વિકાસના તબક્કામાં ઘણું જ મહત્ત્વ રહેલું. એ બધાનું મહત્ત્વ જ્યારે તેઓ अनंत પ્રતિષ્ઠા પામે છે ત્યારે સવિશેષ બને છે. આ દિવસોએ દિવ્ય આંદોલનોનો એક પ્રવાહ એમના તરફથી વહેતો હોય છે એનો ખ્યાલ ભાગ્યે જ કોઈને આવે.** આથી શ્રીમોટા — જે 'વર—રાજા' — શ્રેષ્ઠ રાજાનો પાઠ ભજવે છે એમ જે કહે છે ખૂબ જ અર્થગર્ભ છે. એ પળોએ જે જનસમૂહ એમની સમીપ, સ્થૂળ રીતે પણ છે એનાં આધાર પર સૂક્ષ્મ સંસ્કારોની છાપ પડ્યા વિના રહેતી નથી અને **જે જીવો જીવનના હેતુથી આછી પણ સભાનતાથી સજ્જ હોય છે એને આછો પણ ''લાભ'' અનુભવાતો હોય છે.**

**પ્રભુ જ પ્રેમ કરી શકે. જીવનું કશું જ ગજું નથી. શ્રીમોટામાં રહેલી પ્રભુશક્તિનું મૂર્ત સ્વરૂપ એમનો પ્રેમવ્યવહાર છે. આપણા પ્રત્યેનો એમનો પ્રેમ કેટલો સાચો છે !** આપણી આટલી બધી મર્યાદાઓ હોવા છતાં, આપણે વારંવાર ભૂલો કરતા હોવા છતાં, અરે, આપણે વિમુખ બનતા હોઈએ તો પણ, — આપણને પ્રેમ કરે છે.' તેમ છતાંય આપણી-જીવોની વિમુખતા કેટલી બધી છે !

શ્રીમોટા એમના આ **"ખરા"** ઉત્સવના ટાણે દિલ ખોલીને કહે છે : **"મોટાને આપો, પ્રેમથી આપો. તમે તો પાછા કહેશો કે મોટા તો દરેક ઉત્સવે આમ માગ્યાં જ કરે છે. પણ હું તો લગ્ને લગ્ને કુંવારો છું."**

શ્રીમોટાએ એક ગઝલમાં લખ્યું છે : **"બધાં સાથે અમારી શી રીતે ભાવે જ ભળવાના !"** શ્રીમોટા તો બધાં જ સાથે ભળે છે. પણ એમના ભળવાની રીત ન્યારી છે. પણ આપણી ઉદાસીનતા એટલી તીવ્ર છે કે **આપણી દૃષ્ટિ સમક્ષ આપણી વ્યવહાર-વાણીમાં આપણને પ્રભુ—ભાવમાં જોડવા મથતા 'મોટા'ને હજીય 'કુંવારા' રાખ્યા છે. !**

**"અમારે જીવવાનું છે જગત—વ્યવહારમાં ભાવે,**
**અમારે વર્તવાનું છે ફળે જે રીત પ્રભુ—ભાવે."**

શ્રીમોટાના સમગ્ર વ્યવહાર—વર્તનમાં **'પ્રભુભાવ'** ફળે એ જ ઉદ્દેશ હોય છે. શ્રીમોટા ઉત્સવમાં **'પૈસા'** માગે છે. કેમ કે આજકાલ આપણા સૌનો જીવ પૈસામાં છે. એ **"પૈસા"** વ્યવહાર કે **ગણતરીના માધ્યમથી દૂર કરીને નિરપેક્ષભાવે જે સમર્પણયજ્ઞ શ્રીમોટા કરાવે છે—એ ભૂમિકા તૈયાર કરાવવાના હેતુથી જ હશે.**

શ્રીમોટાની વાણીના આવા અર્થસંકેતો પ્રગટાવાનો કશો જ અર્થ નથી. પણ **સમજણોની કક્ષાએ જો ઉતરવાનું હોય તો આ સમજણ તથ્ય વિનાની પણ નથી. આ સમજણથી જો થોડું પણ ઊંચે જવાનું બને તો એ સાર્થક છે.**

**"લગ્ને લગ્ને કુંવારા લાલ" પૂજ્ય શ્રીમોટા જે લગ્ન-લીલા કરે છે એને માટે ભૂમિકા કેળવી શકાય તો ચાલો કેળવીએ !**

*('સ્મૃતિગ્રંથ', પ્ર. આ., પૃ. ૭૫-૭૬)*

**અનુસંધાન પાના નં. ૭ પરથી**

આધ્યાત્મિક ક્ષેત્રે વિકાસને માટે પૂજ્ય શ્રીમોટાએ જે મૌન મંદિરો સ્થાપ્યાં છે, તેમાં તેઓશ્રીની ચેતના સૂક્ષ્મ સ્તર ઉપર કેવી રીતે કાર્ય કરી રહી છે તે સાધકોને સુવિદિત છે.

ત્રણેક વર્ષ પહેલાંનો એક પ્રસંગ યાદ આવે છે. આંખના સર્જન ડૉ. ઝવેરભાઈ પટેલના બંગલે પૂજ્યશ્રીનો મુકામ હતો. શ્રી કિશનસિંહ ચાવડા દર્શને આવેલા. મારા મિત્ર શ્રી નંદુરબારકરને લઈને હું પણ પૂજ્યશ્રીના દર્શને ગયો હતો, તે વખતે શ્રી કિશનસિંહ પૂજ્ય શ્રીમોટાને પ્રેમભાવથી ઠપકો (!) આપતા હતા. "મોટા, આપનું શરીર અનેક રોગોથી પીડાય છે, છતાં આપ શા માટે આરામ કરતા નથી ? શા માટે નવી નવી યોજનાઓ ઘડો છો ? શા માટે એક સ્થળેથી બીજે સ્થળે ભ્રમણ કર્યા કરો છો ? શરીરને થોડો તો આરામ આપો ! તમે તો ઘણું કર્યું છે. હવે શરીરને વધુ કષ્ટ ન આપો એ અત્યંત ઈષ્ટ છે." પૂજ્યશ્રીએ જવાબ આપ્યો : **"નહિ, પ્રજામાં ગુણ અને ભાવના ખીલવવાં એ મારું ધ્યેય છે. જેમ જેમ પ્રજામાં ગુણ અને ભાવના ખીલતાં જોઉં છું તેમ તેમ મને તેમાં મારા વ્હાલા પ્રભુનાં દર્શન થાય છે......."**

અને આ શબ્દો એવા ભાવાવેશથી તેઓશ્રી બોલેલા કે તે સમયે તેમની આંખની ચમક કોઈ જુદા જ પ્રકારની દેખાઈ. જાણે કે પૂજ્યશ્રી મોટા ગુણ અને ભાવનાના રૂપમાં પોતાના ઈષ્ટદેવનો સાક્ષાત્કાર કરતા ન હોય ! એમની આંખની એ ચમક ક્યારેય ભુલાય તેમ નથી.

**પૂજ્ય શ્રીમોટા હૃદયમાં સંપૂર્ણ લીન અવસ્થામાં સતત રહેતા હોવાથી તેઓ દેહથી પર બની ગયા છે.** દેહના રોગોની પીડા તેમને થંભાવી — હરાવી શકતી નથી. પૂજ્યશ્રીના શબ્દોમાં જ તેમની ઉપાસના પ્રણાલીનું રહસ્ય નીચે પ્રમાણે પ્રગટ થાય છે :

**"સંપૂર્ણ ભાવમાં લીન રહેવાતાં હૃદે છતાં,**
**નિમિત્તે જે જે મળે કર્મ તે તે થયાં કરે તદા."**

*('સ્મૃતિગ્રંથ', પ્ર. આ., પૃ.૧૭-૧૮)*

## ૩. હરિઃૐ આશ્રમના મૌનમંદિરનું ગુઢત્ત્વ — સંકલન - રાજેન્દ્રભાઈ રાવલ

તા, ૧૦-૧૧-૨૦૧૪

મારે વળી આશ્રમ કેવો ? તમે બધાં જ ધારો તો, જીવતો આશ્રમ થઈ શકે. જે કોઈ જીવ હૃદયમાંનું હૃદયથી બની જાય, તો શા કાજે કોને વળગેલું છે. તેનું તેને સાચું જ્ઞાન પ્રગટે અને તે પોતાની માનસિક ભૂમિકા જરૂર ઊંચે લાવી શકે.

પ્રભુકૃપાથી જે સ્વજન આકાશ ભૂમિકાવાળા બની જાય તો તેના દ્વારા પ્રકાશ ફેલાવવાનું પ્રભુ નિર્મિત કાર્ય કેટકેટલું થઈ શકે, થવાની શક્યતા પડેલી છે. અને ભરેલી છે ! તેજ મારે મન તો સાચો આશ્રમ છે.

પોતાની પાસે જે કોઈ આવું કરે, જેનો સંબંધ થાય, એમને એમને ઊંચી સમજણમાં લાવવાનું નમ્રતા ધારણ કરી કરીને કરે. **ધર્મભાવનામાં રસ લેવાનું, સંસારી રાગદ્વેષ અને અદેખાઈના ઝઘડા ટાળવાનું સમજાવવાની કૃપા કરે અને શ્રી ભગવાનના નામસ્મરણથી એની ભક્તિમાં મન પરોવવાનું કરે. જે જે કાંઈ થયા કરે તે એ વહાલાને કાજે જ અને, જે જે કંઈ થતું હોય તે પ્રેમ ભક્તિજ્ઞાન ભાવે સમર્પણ થયાં કરે તો આનાથી બીજો કોઈ ઉત્તમ આશ્રમ ન હોઈ શકે.**

પૂજ્ય શ્રીમોટા કહે, **મારે તો ઘરેડ પ્રમાણેનો આશ્રમ જોઈતો નથી. જ્યાંથી ભગવાનની ચેતનાશક્તિ, ભાવના જેમ વીજળીના મૂળ કારખાનામાંથી જ્યાં ત્યાં બધે વીજળી પ્રસરતી હોય છે તેમ તેનું આપોઆપ પ્રસરવાનું બને અને એવું પ્રત્યક્ષ અનુભવમાં આવે અને અંતરમાં સહજ ભાવના પ્રગટે ત્યારે જ પ્રભુપ્રસાદી રૂપે મળેલા એવા જીવોનું ભગવદીય થતું અનુભવાય તો જ એની કૃપાથી શોભે. આ જીવને ખાલી ખાલી પૂજાવું નથી, તેમાં તો જીવનનું મૃત્યુ છે.**

શ્રી સદ્‌ગુરુ એ મારામાં જેવો દીવો પેટાવ્યો તેવો કોઈ અન્ય જીવમાં પેટાવી શકાય તો જ સદ્‌ગુરુનું ઋણ ફીટે. **એવું ઋણ વાળવાને માટે આ આશ્રમમાં મૌન મંદિરો કાઢેલા છે.**

પૂજ્ય શ્રીમોટા કહે છે કે, **જાતે ગડમથલ કર્યા સિવાય, જાતે સંગ્રામ માંડ્યા સિવાય આ જ્ઞાન કોઈ કાળે મળી શકવાનું નથી.** જાતે જ મથવું જોઈએ એ નિર્વિવાદ હકીકત છે. **આજે આપણો સમાજ આશીર્વાદ અને કૃપા માંગી માંગીને લૂલો થઈ ગયો છે.**

પૂજ્ય શ્રી કહે છે, **હું જગતને સત્ય તરીકે, Reality તરીકે, વાસ્તવિકતા તરીકે સ્વીકારું છું. એટલે જે કંઈ બન્યા કરે એ પણ વાસ્તવિક છે. એટલે જે કોઈ મદદ કરે છે તેને માટે પ્રાર્થના કર્યા સિવાય રહી શકતો નથી.** મારા ગુરુમહારાજે કહ્યું હતું, તું આશ્રમો શરૂ કર તેનાથી ઘણા કાર્યો તારા થશે અને જે કોઈ મદદ કરશે એને કોઈને કોઈ રીતે બદલો વાળી આપીશ. **મેં અનુભવ્યું છે કે મારા ભગવાન કોઈને કોઈ રીતે બદલો આપે છે. એ સો એ સો ટકા સાચી હકીકત છે.** એમાં એક અક્ષરની પણ અતિશયોક્તિ નથી. પણ **તમો આશ્રમ અંગે કામ કરશો તો તમારું કામ બાકી નહીં રહે. આનાથી હું તમને ભ્રમણામાં નાંખવા નથી માંગતો.**

**જીવનમાં જે કંઈ મળેલું છે તે આપણા બાપનું નથી, ભગવાનનું છે. લોકોએ એકબીજાના ખપમાં આવીને એ સ્વીકારીને સમાજનું ઋણ અદા કરવું જોઈએ.** પિતૃઓનું ઋણ એમનાં અધૂરાં રહેલા કાર્યો પૂરા કરીને, દેવોનું ઋણ શુદ્ધ ભાવના સેવીને પૂરું કરી શકાય. દરેક આશ્રમમાં ઝાડ ઉછેર્યાં એટલે જે ફળ ખાઈએ છીએ તે બીજાએ આપણા માટે ઉછેર્યા એવા અનેક દેવા માથે છે. **એ જ હેતુથી મેં તમને**

**સ્વજન માનેલા છે અને આ રીતે સમાજનું ઋણ અદા કરી શકાય.**

**આ મૌનમંદિરની અંદર ભગવાનની કૃપાથી અને ગુરુ મહારાજના આર્શીવાદથી એવી ચેતનાશક્તિ રહેલી છે જેથી અંદર રહેલો માણસ આનંદમાં દિવસો પસાર કરી શકે છે. એ અંદર રહેલી ચેતનાશક્તિને પરિણામે બને છે. જેમ મંદિરની મૂર્તિ-પ્રાણપ્રતિષ્ઠા કર્યા વગર પૂજા થતી નથી તેમ અહીં પણ પ્રાણપ્રતિષ્ઠા થયેલી છે.**

**મૌન એકાંતના અનુષ્ઠાનથી જીવ એકદમ શિવ થઈ શકતો નથી. પણ શિવ થવાની શક્યતા સાંપડે છે.** સતત નામસ્મરણ અથવા કોઈને કોઈ રીતે પ્રભુ ભાવનાને સતત એકધારી જ્ઞાન-ભક્તિ યોગ ભાવે રાખી શકવાના પ્રયત્નમાંથી પ્રભુકૃપાથી જીવને **'લાગી'** જવાનું છે. **અનુષ્ઠાન આકરી રીતે કરવાનું અને તેમાં સમય લંબાવાનો હોય છે. પ્રભુકૃપાથી સ્વજનો આ હેતુ માટે જ મળ્યા છે.**

**કર્મયજ્ઞ મોટામાં મોટો યજ્ઞ કહેવાયો છે. સંસારમાં સ્વાર્થ રહેલો છે. તેમાં પણ નિરહંકારપણે, નિર્મમત્વપણે, પ્રભુપ્રીત્યર્થે થયેલ કર્મ યજ્ઞરૂપ છે. મનથી દ્વિધારહિત કર્મ કરવા જોઈએ.** જેવી રીતે ધન મોટામાં મોટી શક્તિ છે તેવી રીતે ગુણ પણ શક્તિ છે. **ગુણ શક્તિ માટે ભગવાનનું સ્મરણ કરવું એ મોટામાં મોટો યજ્ઞ છે. અહીં એ યજ્ઞ આદરેલો છે.** કેટલાયને અંદર શાંતિ મળે છે. સાચું સુઝે છે. **કર્મમાં જેને ભાવના પ્રગટી ન હોય તેવાને અહીં ભાવના પ્રગટે છે. આ એવું જ્ઞાન છે કે જેને અનુભવ્યા સિવાય સમજાય નહિ. આ પ્રયોગ હિંદુસ્તાનમાં કોઈ ઠેકાણે ચાલતો નથી.** પરંતુ ગુરુમહારાજે આ અવનવો પ્રયોગ બતાવ્યો છે. **ભાવનામાં જાગૃત થઈ જવાય તો બીજા જન્મે આજ માર્ગે જલદી જવાય. આવું થાય તો શરીરનો જન્મ પણ તરત થાય.** નહિ તો જીવને જન્મ લેતાં ઘણો સમય જાય છે. સાત્ત્વિક પુરુષનાં જન્મ જલદી થઈ જાય છે. જ્ઞાન ચેતનાવાળો પુરુષ કૃપા કરીને અથવા ભગવાનના નામ સ્મરણમાં નિરંતરતા પ્રગટે અને ભાવના જાગે અને તેના કારણે સૂક્ષ્મમાં સંસ્કાર પડે તો જન્મ જલ્દી થાય.

**યાહોમ કરીને ઝંપલાવાનું દિલ જાગ્યું નથી. ત્યાં સુધી કંઈ વળે નહિ. સૂક્ષ્મમાં ચેતનાત્મક સંસ્કારના પ્રવેશ વગર જીવનો ઉદ્ધાર શક્ય નથી. શરીરના સૂક્ષ્મ તત્ત્વો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહ્‌મમાં સંસ્કાર પડવા જોઈએ.** આવું બન્યા વિના યોગવિદ્યા કહી શકાય નહીં. હા, નામ લઈ શકાય માટે નામસ્મરણને મોટામાં મોટો યોગ જ્ઞાની પુરુષોએ ગણ્યો છે કેમ કે પરિણામ એકસરખું જ લાવે.

**જપયજ્ઞમાં પૈસાનો ખર્ચ નહિ, ભગવાનના નામનો જયયજ્ઞ કરવાથી ચિત્તમાં સંસ્કારોનો પ્રવેશ કરાવી શકાય છે.** આમાં ઉચ્ચારની પણ સ્પષ્ટ અસર હોય છે, પણ એમાં નિરંતરતા પ્રગટવી જોઈએ. આમ બને તો કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર ઘટે અને સહજ પ્રયત્નથી આગળ વધી શકાય. સૂક્ષ્મમાં સંસ્કારનો પ્રવેશ થયા વિના ઉદ્ધાર નથી. તમે ચિંતામુક્ત દિલથી ભગવાનનું નામ લઈ શકો માટે આ **હરિઃૐ આશ્રમ** છે. **આ પદ્ધતિ ગુરુ મહારાજની કૃપાથી થઈ છે, એમની કૃપાથી જ ચલાવીએ છીએ.**

સાધુ, મહાત્મા, ભક્ત લોકોના સંકલ્પ કદી મિથ્યા થઈ શકતા નથી. મારા ગુરુ મહારાજે મને કહ્યું હતું કે, તારે અનેક જીવો સાથે કર્મપ્રારબ્ધ ભોગવવાનું છે તે સારું, નરસું બધી રીતનું હોય. જે **જીવો તને મળે, એની સાથે એવું પ્રારબ્ધ ભોગવવું કે જેથી જીવોનું કલ્યાણ થાય.** મેં પૂછ્યું કેવી રીતે ભોગવવું ? તેના જવાબમાં **આ જાતના મૌનમંદિરના ઓરડા બનાવવા કહેલું. જેથી એ બધા જીવોની ગતિ ઊંચી થાય. બધા સાથે સુમેળ, પ્રેમ, સદ્‌ભાવનો ગુણ કેળવતા થાય અને આમ અંદર પૂરાઈને અંતર્મુખતા કેળવે તો એનું કલ્યાણ થાય. આવી રીતે જીવ**

**એકવીસ દિવસ એકવીસ વખત બેસે તો એવા જીવોનું કલ્યાણ થાય, એ નિશ્ચિત હકીકત છે.**

**ભાગવતી જીવન કપરું છે, પણ તેનાથી ઊંચે ચઢાય છે. જીવદશા એ પતનની દશા છે.** એમાં દ્વંદની દશામાં હોવાથી સારું-નરસું, પાપ-પુણ્ય વગેરે સંસાર વહેવારમાં કરતા હોવાથી પોતાને પોતાનું ભાન જાગતું નથી અને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ વગેરને આવો વિચાર કરવાનો અવકાશ મળતો નથી. તેને માટે આવા મૌનમંદિરના ઓરડા ઉત્તમ સાધન છે. **અહીં જીવ પોતાને વિશે તટસ્થતાપૂર્વક વિચારી શકે છે. પોતાની જાતને ઓળખી લો, બીજાને ઓળખવાનું તારું ગજુ નથી. બીજા સાથે પ્રેમ કરવાનું શીખ અને એને પ્રેમ કર.**

આપણે મળેલાં કર્મને પણ ઉત્તમ રીતે કરવા હોય તો પણ મૌન એકાંતની જરૂર છે. એ ફક્ત પ્રયોગ કરવાથી સમજાશે. **માણસ અંદર બેસે છે એકલું જ પુરાવું પડે એટલે આપોઆપ ખબર પડે. આપોઆપ પ્રગટે એ જ ખરો પ્રચાર. મૌનમંદિરમાં તો મનુષ્યની ભાવના ઊંચી જ પ્રગટે. મૌનમંદિરનું અંધારું આપણા જ્ઞાનતંતુને પોષક, ચિત્ત શુદ્ધિને પોષક છે.**

આપણા આધારમાં પણ એવા સ્થાન છે, જ્યાં વિચારના, લાગણીના, સંસ્કાર પડે છે અને ઘા કરે છે. શરીરમાં છ ચક્રો છે એ સૂક્ષ્મ છે. ડૉક્ટરો કે વિજ્ઞાનીઓ એ પામી શક્યા નથી. **જ્યારે ભગવાનના નામસ્મરણમાં અખંડિતતા પ્રગટે પરિણામે જ્ઞાનતંતુમાં ગતિ થાય છે. ત્યારે આ છ ચક્રોમાં પણ ગતિ થવા માંડે છે. જીવનમાં ભગવાનની ભાવનામાં જેની નિરંતરતા છે તેનામાં આ છ ચક્રો જીવતાં થાય છે. આ છ ચક્રો જીવતાં થવાથી તે ગતિમાન થાય છે.** ત્યારે શરીરની શક્તિ જુદા પ્રકારની બને છે.

**શરીર ત્રણ પ્રકારનાં છે. સ્થૂળ શરીર, સૂક્ષ્મ શરીર અને કારણથી શરીર.** પાપ-પુણ્ય થાય છે. તેના સંસ્કાર ચિત્તમાં પડે છે. અને એ પ્રમાણે ગતિ થાય છે. માત્ર શરીર છોડવાના સમયે જ ભગવાનની ભાવનામાં સ્થિરતા રહે તો તેની અસર બીજા જીવનમાં રહે. આને મિસ્ટીક-ગૂઢ શક્તિને, ગુહ્ય શક્તિ શોધાઈ છે અને તેના ઘણા સંશોધન થાય છે.

**આપણામાં પુરુષ અને પ્રકૃતિ એવા બે તત્ત્વો છે. પુરુષ સુષુપ્ત દશામાં છે. એને જાગતો કરવો પડે છે. જાગતો થવાથી જ ભગવાનની ભાવનામાં નિરંતરતા પ્રગટે પછી એ પ્રકૃતિને ચલાવે.** પુરુષ તત્ત્વ જ નક્કી કરે એમાં પ્રકૃતિનું ચાલતું નથી. ગુહ્ય અને ગૂઢ .... કે સંસ્કાર નાંખી દીધા છે તે જાગૃત થાય છે અને બીજા જન્મમાં ખૂબ આગળ વધે છે. બીજો જન્મ લે ત્યારે આગળ કેવી રીતે જવાય તેની ગૂઢ વિદ્યા શોધી કાઢી અને તેના જાગવાથી રાજા બની જવાય. તેને ભગવાનની ભાવનામાં રમમાણ રહેવાનું જ ગમે છે **માટે આપણા સૂક્ષ્મમાં આવી ભાવના ઉતરે તો બીજા જન્મમાં મદદ મળે અને ભગવાનનું સ્મરણ એ નિર્દોષ નિર્મળ સાધન છે. જેનાથી ભાવના જીવતી થાય છે. જ્યારે તમન્ના હોય ત્યારે જ તે જાગતી રહે.** ધીમે ધીમે અભ્યાસ વધારીને અજપાજપાની **(૨૪ કલાક) સ્થિતીએ પહોંચવું જોઈએ એમ થાય તો હૃદયની અંતરની ભાવના પ્રગટવા માંડે છે એ ખરી સાધના છે. આત્માના પ્રકાશને અનુભવવાની ખરી સાધના છે.** તમન્ના જાગે તેના માટે સરળ છે.

**ભાવનાથી કરીને લોકોના જીવનને ઊંચે આણવું એ પણ મોટામાં મોટી સેવા છે. સમાજની સામે તારે એ રીતે વર્તવું એમ મારા ગુરુ મહારાજે કહેલું.**

**આમ, મૌન ઓરડામાં બેસીને તમે નામ લો. નામસ્મરણની ભાવનાથી દિવસનો મોટો ભાગ પસાર થાય જેનાથી અભિરૂચિ થાય અને મળેલાંની ગતિ**

**ઊંચે જાય તે માટે આ મૌન મંદિર અહીં શરૂ કરવાનું કહ્યું.** તારે સાચી વાત કરવી, ઉચ્ચ વાત કરવી નહીં કારણ કે લોકોની-સમાજની તેવી ભૂમિકા નથી.

**વૈરાગ્ય એટલે નિર્લોભ, નિરહંકાર, નિર્મમત્વ, નિરભિમાનપણું એ બધાનો કુલ સરવાળો (સબ ટોટલ). જ્ઞાનની વાતો ખોટી, સમાજ આચરણથી ઊંચો આવે અને જ્યાં સુધી રાગદ્વેષ મોળા નથી પડ્યાં ત્યાં સુધી એકબીજા પ્રત્યે પ્રેમ, સહાનુભુતિ, ત્યાગ, ઉમળકો પ્રગટાવો એ પણ સેવા છે.** આમ કરતાં સ્મરણ કરીએ તો એવો ઉઠાવ થાય તે અનુભવી સમજી શકે છે. એકલું બોલવાથી-ઉચ્ચારણથી લાભ થાય એ કબૂલ. **મૌન એકાંતમાં અંદર સંસ્કારો ઉભરે છે. માણસ પોતાને સમજતો થાય છે. પોતાના વિશે વિચારતો અને આચરતો થઈ જાય છે. તે માટે મૌન મંદિર ઊભા કર્યા છે. અંદર બેસવાથી મનની એક સ્થિતિ રહે છે, જે સંસાર વહેવારમાં હોતી નથી.**

જે કરવાનું છે તે આપણે કરવાનું છે. આ દેખાય છે કે તે દેખાય છે તેનો વિચાર ન કરવો. **બ્રહ્મનો ગુણધર્મ-શક્તિ પ્રગટ થાય તો સાક્ષાત્કાર થાય. અસાધારણ શક્તિ (Abnormal Power) દિલ પ્રગટેલું હશે તો અનુભવાશે.** પ્રારબ્ધ નિમિત્તે પ્રગટે ત્યારે એ પાર જઈ શકે છે, એ મર્યાદાને પણ ઓળંગી શકે છે એવો અનુભવ અંદર બેઠેલાને થાય છે.

ચેતન વિસ્તાર પામે છે ભાવના એકાગ્ર બને અને તેને કેન્દ્રિત કરવામાં આવે અને ઉચ્ચ કોટીએ જાય. પછી ગાઢતા પ્રગટે, તે સિવાય નહિ. **અહીં તો બ્રાહ્મણ, મુસલમાન, જૈન, ખ્રિસ્તી બધા બેસી શકે.** પૂજ્યશ્રી મોટાએ એક ડોસાનો, મક્કમ નિર્ધાર જોઈને કહ્યું હતું કે, તમારી સાથે અંદર કોઈક હશે એ નક્કી માનજો અને તેઓએ તેમના નિવેદનમાં નોંધેલું કે કોઈ દિવસ એકલાપણું લાગ્યું નથી.

**એ ભાવનાને સળંગ રાખવા માટે સામાન્ય રીતે દરેક જીવને એની પોતાની પસંદગીની રીત માટે આવા એકાંતની જરૂર ખરી. આ કારણે આવા આશ્રમોની જરૂર છે. આમાં સંપ્રદાયનું બંધન નથી. પૂજ્ય શ્રીમોટા સિવાય કોઈપણ ફોટો મુકવામાં વાંધો ના હોય.**

ભગવાનની શક્તિ તો જ્યાં જોઈએ ત્યાં નજરે પડશે. પણ એવી દૃષ્ટિ ખૂલવી જોઈએ. કોઈ સાધના કે ભક્તિ ન કરે તો પણ અને **જેમાં ને તેમાં ભગવાનનું મહત્ત્વ લાગે, સમજાય તો એમ માનવું કે એનાં દિલમાં ભક્તિ પાંગરવા માંડી છે.** એટલે જેનામાં ભૂમિકા કે તાકાત હોય ત્યાંજ ચેતનનો સ્પર્શ થાય છે. **અહ્મ જ્યારે સમૂળગું ઓગળી જાય ત્યારે જ તે ભગવાનને મહત્ત્વ આપે છે.** જ્યાં સુધી ભગવાનને મહત્ત્વ આપતા નથી ત્યાં સુધી એ સાધક કે ભક્ત નથી એટલે કે એનામાં ભક્તિ પાંગરી નથી. એટલે **આપણા પોતાના વિકાસ ખાતર રાગદ્વેષ મોળા પાડો. પૂર્વગ્રહ છોડો, સદ્ભાવ, સહાનુભૂતિ કેળવો. બીજાનો વિચાર છોડો માત્ર તમારો જ વિચાર કરવાનો છે. બીજા કોઈ આપણી કૂથલી કે નિંદા કરે તો પણ આપણને કંઈ ન થાય, બીજાની વાત તદ્દન છોડો. એવી રીતે વર્તો તો જ ભગવાનના સ્મરણમાં ઉઠાવ થશે. આવું તમે કરશો તો તેનાથી ઓથ, હૂંફ, બળ, ઉઠાવ વગેરે મળશે અને અણીને વખતે સ્મરણ ખપ લાગશે તેમજ ટકી રહેવાશે માટે ભગવાનનું સ્મરણ લીધેલું કામનું.**

મૌન મંદિરમાં પુરાશો તો શાંતિ થશે. અંદર બેસનારથી નામ લેવાય છે એ હકીકત છે. **નોખા થવાથી જ એકાગ્રતા આવે અને શાંતિ પ્રગટે તે અનુભવની હકીકત છે.** આ એક જુદા પ્રકારનો અનુભવ છે. જે લેવા જેવો છે અને સમજી શકાય

તેવો છે. **મૌન ઓરડામાં બેસવાનું મળે અને જે નામ-સ્મરણ અહીં લેવાય તેના સંસ્કાર એટલા જ ઊંડા પડે છે.** આવા એકાંતમાં કોઈપણ જાતની પ્રકૃતિ વિના રહીએ ત્યારે ભગવાનની ધારણા એટલી ઊંચે જ લઈ જાય છે. અને આ કારણે રોગ, દુઃખ, મુશ્કેલી વગેરેમાં ખૂબ જ મદદરૂપ નીવડે છે.

**મૌન એકાંતનો સમય મારે મન તો આ જીવ સાથે જે-તે જીવોને સંકળાઈ રહેવાની ક્રિયા છે. જો તેવું ન થયું હોત તો તમારામાંનું કોઈપણ મારી સાથે રહી શક્યું ન હોત. પૂજ્યશ્રી 'મોટા' પ્રત્યે જે આદરભાવ, ભક્તિભાવ રાખો છો, એનું આ પરિણામ છે. આશ્રમ તો એક સંસ્થા છે. એ જડ ગણાય, પણ ચેતન પરત્વે જેટલો ભાવ વધારશો તેટલું વધુ સારું પરિણામ આવશે.**

**સંસારમાં સ્વાર્થની રીતે ભગવાનને ભજીશું તો, એનો પણ બદલો મળશે.** પણ સવારથી ઊઠીને ભગવાનનો ખ્યાલ રાખીને કામકાજ કર્યા કરીશું તો મન હળવું રહેશે, મુસીબતો ટળશે અને શાંતિ મળશે. ભગવાન સાથે પ્રેમભાવભર્યો સંબંધ દિલથી રાખ્યા કરશો તો તે અણીને વખતે જરૂર મદદ કરશે. આપણે ભલે સંસારના રગડામાં પડેલા હોઈએ પણ એને સંસાર વહેવારના કામમાં પણ જીવતો રાખીએ તોય એની મદદ મળે જ છે. **મૂળ વાત એટલે ધ્યેય પ્રાપ્ત કરવા ભગવાનનું સ્મરણ કરો, પ્રાર્થના કરો, નિવેદન કરો, પ્રાર્થના-નિવેદન વગેરેથી ધ્યેય સન્મુખ થશે. ગુરુ મહારાજે આ રસ્તો બતાવ્યો કે માનવીને એકલો મૂકી દેવાથી એને પોતાનું દર્શન થશે અને એટલે આપમેળે વિચારશે.**

મારા ગુરુ મહારાજે મને વચન આપેલું કે જે કોઈ તને મદદ કરે તેનું તારા માથા પર ઋણ ન રહે. પણ **મને એમ કે જે મને મદદ કરે તેનું શું ? તો કહે કે, નિશ્ચિંત થા. તને જે કોઈ મળશે અને મદદ કરશે તેનું કલ્યાણ થશે.** ત્યારે મને નિરાંત થઈ. **નામ સ્મરણનો સતત અભ્યાસ ચાલુ રાખશો તો ઉત્તમ પ્રકારની ગતિ થશે. માટે મોટાના સંબંધમાં આવ્યા છો તો વિચારો. કોરા ને કોરા ન રહેશો.** મારી તો ઉત્કંઠતાવાળી, તત્પરતાવાળી તૈયારી છે, બુદ્ધિથી વિચારીને નહિ પણ ભગવાનની પ્રાર્થના કરીને મદદમાં આવવા પ્રયત્ન કરું છું. મારા દિલમાં તો તમને ઉપયોગમાં આવવા માટેની ખરેખરી ઝંખના છે. પણ એ સાથે ભાવનાથી કરીને ઊંચે આવવાની તમારી પણ તૈયારી જોઈએ. **આશ્રમ થયા પછી મેં તો બધાને ચાહ્યાં છે અને દિલનો સંબંધ રાખ્યો છે. તમને ચાહીને મેં તો ભગવાનનો જ સંબંધ બાંધ્યો છે. અને કોઈક વખત તમારી પાસે માંગું છું તો એમાં ભગવાનની સેવા છે અને એમ કરીને તમારી સેવા કરું છું.** એની પાછળ હેતુ છે, એવા કોઈક કર્મથી મળેલાની ગતિ ઊંચી થાય એ હેતુ છે. **ગુરુમહારાજનો હુકમ છે કે જે જે મળે તેની ગતિ ઊંચી થાય એવી રીતે તારે વર્તવાનું છે. એટલે મળેલાની સાથે એવો સંબંધ બાંધવો કે એ લોકોનું 'મોટા' પરત્વે દિલ પ્રગટે.** એ કેવી રીતે થશે એની મને ખબર નથી.

ચેતનમાં નિષ્ઠા પામીએ એનાં પણ લક્ષણો તો હોવાં જ જોઈએ. આપણામાં ચેતના પ્રગટતી હોય તો ખબર કેમ ન પડે ? **ચેતન પ્રગટવાથી તો અનેકગણું કામ કરવાની શક્તિ પ્રગટે. ચેતનાથી તેજ પ્રગટે, નમ્રતા પણ પ્રગટે. પણ એ નમ્રતા સાથે નિઃસ્પૃહા હોય છે. ચેતનમાં નિષ્ઠા પામેલા જીવ નિઃસ્પૃહ અને સ્પૃહાવાળા પણ હોય છે. એ વહાલ પણ કરે અને ગુસ્સોય કરે. એ કોઈની પરવા ન કરે. એને તો ભગવાનની ઓથ હંમેશાં હોય છે. એ સદા સર્વદા નિશ્ચિંત હોય છે, જ્યારે કહેવાનું હોય ત્યારે સાફસાફ કહી દે છે.** એ પોતાના વહેવાર પ્રયોગથી સાબિત કરી બતાવે છે કે એને ધનનો લોભ નથી,

કે કોઈપણ પ્રકારની ચિંતા નથી, પણ આપણું દિલ જો પ્રેમ ભક્તિવાળું ન પ્રગટ્યું હોય તો એ બધું ઉપરથી ચાલ્યું જાય છે.

એક ડૉક્ટર દંપતીએ પૂજ્યશ્રીને પ્રશ્ન કર્યો કે ચેતનને ખોળવાની શી જરૂર છે ? બધું ચેતન જ છે ને ! બોલીએ, સંવાદ કરીએ, કામ કરીએ છીએ. ત્યારે પૂજ્ય શ્રીએ એમને પૂછ્યું, સંસાર વહેવારમાં ઘર્ષણ, સંતાપ, વેદના દુઃખ, અથડામણ થાય છે કે નહીં ? છતાં સુખ જ ગમે છે ને ? **સુખ અનંતકાળ રહે એવું મળે તો ગમે કે નહીં ? માટે અનંત સુખનો અનુભવ થાય, ગમે તેટલું દુઃખ હોવા છતાં એવી સ્થિતિ પ્રગટે કે સુખનો અનુભવ થાય જ નહિ, એવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે ઉપાય શોધવા. આપણામાં કામક્રોધાદિ અનંત કાળથી છે. એનો Impact (એની અસર) છે એ જવો જોઈએ. અનંતકાળ લગી શાંતિ અને સુખ ટકે એ માટે ચેતનનો વિચાર આવ્યો. આ અનુભવનો વિચાર છે જેને પોતાનુ ંજીવન ફના કરવાની તૈયારી હોય એ જ એ પામી શકે. મને અનુભવથી લાગ્યું એટલે આ આશ્રમ કર્યો.**

મૌન મંદિરો એટલા માટે બંધાવ્યા કે લોકો અંદર અઢાર કલાક સળંગ સ્મરણ કરે, મથે, એના સંસ્કારો ઘણા ઊંડા પડશે. અંદર રહેશો તેટલો વખત બહારની પ્રવૃત્તિ પણ બંધ પડશે. મારા ગુરુમહારાજે કહેલું કે, **''તારી આ પ્રવૃત્તિ તારી હયાતી દરમિયાન નહિ સમજે, પણ તારું શરીર નહિ હોય ત્યારે એની કિંમત સમજાશે. આખા હિંદુસ્તાનમાં ક્યાંય પણ એકતાન થવાની સરળતા પ્રગટે એવું જોયું નથી.''**

તમે તો મને ગણ્યો છે. એવું સમજું છું. તમે મને મદદ કરી છે. હું બોલી શકતો નથી. તમારા બધાંના દિલમાં આ ભાવનાનું બીજ રોપાશે. હું કંઈ છોડવાનો નથી. **મારું શરીર પડી જશે, પણ એ કંઈ જીવનનો અંત નથી.**

**હું ફરીથી જન્મ લેવાનો છું અને તે સ્ત્રીનો લેવાનો છું એમ પણ કહું છું. એટલે તમારી સાથેનો મારો સંબંધ જે મેં કાયમ રાખ્યો છે એનાથી તમે મારી પાસે આવવાના છો, આવવાના છો અને આવવાના છો. એની મને આજે અત્યારે પણ એટલી જ ખાતરી છે. પણ એ ખાતરી પોતાના કાળની વાત છે.**

**મૌન એકાંત મંદિરમાં આપણે ચેતનનો સાક્ષાત્કાર પામીએ એ પ્રમાણે વિચારીને બેસીએ તો ખરા, પણ એ પ્રમાણેનું આપણું વર્તન ન હોય તો કશું વળે નહીં.** દરેક માણસે પોતે શાંત રહી શકે એ માટે જાગૃતિપૂર્વક, પ્રામાણિક, વફાદાર અને જીવતો જાગતો એકધારો પ્રયત્ન કરવો જોઈએ. એમ થાય તો જ આપમેળે આગળ વધાય. આ પગલું નાનું ભલે ગણીએ છતાં પણ બહુ મોટું પગલું છે. એકધારી શાંતિ અને પ્રસન્નતા પ્રગટે એટલું જ ધ્યેય રાખીએ.

**સંપાદન : રાજેન્દ્રભાઈ રાવલ,**
**માનદ્‌તંત્રી, હરિઃૐ ગુંજન.**

## હરિઃૐ ગુંજન - પાછલા અંકની ભૂલ સુધારણા

પાના નં. ૨૬

(૧) નિરંજભાઈના બદલે નિરંજનભાઈ સમજવું

(૨) ચેરપર્સન : શ્રી નીમાબેનના બદલે નિપાબેન સમજવું

(૩) ગુગલ, ઇન્સ્ટાગ્રામ વિકોપીડીયામાંથી લીધેલ છે. તેમ જણાવેલ છે તેના બદલે, ફક્ત ગુગલમાંથી જ લીધેલ છે તેમજ લક્ષમાં લેવું.

## ૪. ગુરુ — શ્રીમોટા

કોઈ પણ વિષય કે કાર્યક્ષેત્રમાં કોઈ સારો ને સહૃદયથી હોંશિયાર શીખવનાર પ્રત્યક્ષપણે મળી જાય તો તે વિષયમાં કે કાર્યક્ષેત્રમાં કુશળતા મેળવવી **શીખનારને ઘણી સહેલી થઈ પડે છે.** સંસારમાં જ્યાં જ્યાં નજર નાંખીશું ત્યાં ત્યાં માલુમ પડશે કે દરેક વ્યક્તિ કોઈ ને કોઈ શીખવનાર **પાસેથી પોતાને જોઈતું શીખી લે છે.** અજાણ્યા પર્વત પર ચઢવું હોય તો આપણે ભૂલા ન પડીએ, સંકટોમાંથી ઊગરી જઈએ તે કારણે ભોમિયાને સાથે લઈએ છીએ તેવું જ અધ્યાત્મ માર્ગે છે.

જેને પ્રભુના માર્ગે વળવું છે, અંતર્મુખ થવું છે, ભગવાનને શરણે રહેવું છે અથવા ઊર્ધ્વગામી જીવન પોતાનામાં ઉદ્ભવાવવું છે, તેણે એવા કોઈક સાથે સંપર્ક સાધવો જરૂરી છે. પેલાના સંપર્ક ને સંબંધને પરિણામે પોતાનામાં ઊર્ધ્વગામી પ્રવાહો અથડાય અને જન્મે એવી વ્યક્તિ-વિભૂતિ નિરાસક્ત, અહંરહિત, દ્વંદ્વાતીત, ત્રિગુણાતીત અને ભગવાનની ભાવનામાં સદાય રત હોવાથી સાધારણ માનવીમાં જે રાગાત્મક પ્રવાહો પડેલા છે તેનાથી ઉચ્ચ કોટિના **પ્રવાહો તે જીવમાં અથડાશે.** જોકે સાધકને શરૂમાં આની જાણ થઈ શકતી નથી, **પરંતુ આગળની કક્ષાઓમાં જાણ થઈ શકે છે** - અને એક જાતનું સંઘર્ષણ થઈ મંથન જાગશે - આમ સામસામા રાગાત્મક અને અરાગાત્મક પ્રવાહો જાગ્યા કરતા હોવાથી જીવની ચેતનાશક્તિમાં **જરૂર ફેરફાર થવા માંડશે.** જ્યારે આપણા બીજા સંબંધો પાર્થિવ હોવાથી એવા સંબંધો આપણને **પાર્થિવપણાથી ઉપર લઈ શકતા નથી.** ગુરુની પ્રથા આ કારણે હશે.

કેવળ સંપર્ક કે સંબંધ એકલાથી આપણને સામી વ્યક્તિનું ચિંતવન થતું નથી, પણ એમાં જ્યારે રાગ કે આસક્તિ પ્રકટે છે ત્યારે તેનું ચિંતવન થયા કરે છે - ને રાગ જેટલો વધુ તેટલું ચિંતવન વધુ - તેમજ એવા ગુરુ પ્રત્યે પણ એ ખૂબ પ્રેમ જામ્યા કરશે તો એનું ચિંતવન પણ જરૂર સવિશેષ રહેશે. **ગુરુ પ્રત્યેના પ્રેમનો હેતુ આપણી ચેતનાને જગાડવાનો, જગાડીને ક્રિયાત્મક બનાવવાનો અને તેમ થતાં થતાં, આપણું સર્વાંશે દિવ્ય રૂપાંતર થવાનો છે.** આ સંબંધના હેતુમાં પૂરેપૂરી રીતે જ્ઞાન અને ભાન હોવા ઉપરાંત ગુરુ પ્રત્યેનો આપણો ભાવ Receptive and Responsive - ગ્રહણાત્મક અને ક્રિયાત્મક સહકારવાળો હોવો જોઈશે. ખરી આતુરતાભર્યાં વલણ, વૃત્તિ, ને દૃષ્ટિ આપણામાં કેન્દ્રિત, એકાગ્ર અને હૃદયથી રહેવાં જોઈશે.

'જીવન સંદેશ', આર. પૃ-૪૪, ૪૫, ૧૦૪

**(અનુષ્ટુપ)**

**ગુરુ ના દેહધારી છે, ગુરુ તો સૂક્ષ્મ ભાવ છે,**
**ગુરુ આધાર ભૂમિકા પામવા ગૂઢ તત્ત્વને.**

પ્રસંગે પ્રસંગે જે **સદ્ગુરુની સમજણ પ્રવર્તતી હોય છે, ને સમજણ, વ્યવહાર વર્તન, પ્રસંગમાં તે બીજાને દોરવણી આપે છે;** તે હકીકત તથા તેમનું કર્મ-કૌશલ, એનો સૂક્ષ્મ વિવેક, એની જેમાં તેમાંથી તારતમ્ય શોધી લેવાની કળા, **જરાક જેટલા પરિચયમાં** પણ આવતાં કોઈની પણ **પ્રકૃતિની યોગ્ય સમજણ પ્રકટી જવી,** પ્રસંગને તેની યથાર્થતામાં સમજવાની તેની સૂઝ; સર્વ મળતા જીવોને સમજવાની ને તેમના તેમના યથાર્થ-પણામાં સ્વીકારવાની શક્તિ, જુદી જુદી પ્રકૃતિ અને સ્વભાવના જીવો સાથે એનો વર્તનપ્રકારના સુમેળભાવ, ને તેવા **તેવા જીવો સાથેની તેની સુમેળભાવની વર્તન કળા, વૃત્તિ, વિચાર, ભાવના** આદિનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ સમતાપૂર્વકનું નિરીક્ષણ, અવલોકન, પૃથક્કરણ કરી તેનું યથાસ્થાને શું શું યથાયોગ્યપણું હોઈ શકે એનું સ્પષ્ટ હકીકતપણામાં

વર્ણન કરી બતાવવું, પ્રત્યેક મનાદિકરણના પ્રાકૃતિક ધર્મ અને ગુણોની રમત અમુક અમુક કક્ષામાં કઈ કઈ ને કેવી હોઈ શકે તેનું યોગ્ય આકલન કરીને તે આપણને સમજાવવાનું બની શકવું, તેવાના જીવનની બીજી લાક્ષણિક ઢબો, એવાથી અનેક પ્રકારના જુદા જુદા થતા રહેતા અનુભવો, એવાનાં સંબંધ-સંપર્કના પરિચયથી ઓછા-વધતા પ્રમાણમાં કોઈ કોઈ બદલાતી રહેતી પ્રકૃતિના દાખલાઓ, એનું નિરહંકારીપણું, નિર્મળત્વપણું, એની અપાર નિસ્પૃહતા અને સાથે સાથે અપરંપાર સ્પૃહા એનો રાગ અને રાગનું અભાવપણું, આપમેળે જે તે કંઈ બન્યા કરે એ જ કર્મ એવી એની સમજણ ને વર્તન; કર્મને કે સંબંધને ખોળવા જવાની જરા સરખી પણ વૃત્તિનો તદ્દન અભાવ, જેના વડે કરીને આપણા જીવનમાં ધીરજ, હિંમત, સહનશીલતા, મતસહિષ્ણુતા, પ્રેમ, સર્વપરત્વે સદ્‌ભાવ ને સમભાવ આદિ પ્રગટેલાં અનુભવી શકાય છે, **જેના વડે અણદીઠ, ઓચિંતી, કંઈક કશા વિશે પ્રેરણા મળ્યા કરતી હોય છે - જેના વડે આપણું સારુંય જીવન ઊર્ધ્વગામી થયે જતું જણાયું છે, જેના વડે કરીને આપણાં શારીરિક દર્દો સાથેની તેની તાદાત્મ્યતા તેના શરીર પર અનેક વાર પ્રત્યક્ષ** અનુભવે વર્તાઈને **જેણે આપણાં દુઃખોમાં સહભાગી બનીને આપણને સરળતા ને હળવાશ કરી દીધાં છે** - વગેરે વગેરે બધાંથી કરી **સદ્‌ગુરુની યથાયોગ્યતા સમજી શકાય તેવું હોય છે.** આવું જો બધું તેનું આપણને **તદ્દન વાસ્તવિક લાગતું** હોય તો **પછી એવાને આપણે સ્વીકારવો તે યથાયોગ્ય પણે છે, એમ માનવું ને જાણવું.**

— 'જીવન પોકાર આર. પૃ. ૨૩૧ થી ૨૧૬

વ્યાયામ શિક્ષકનું કાર્યક્ષેત્ર શરીર-વિકાસ છે. શિક્ષકનું કાર્યક્ષેત્ર મનોવિકાસ કે બુદ્ધિવિકાસ છે, તેમ **ગુરુનું કાર્યક્ષેત્ર માનવસ્વભાવનું** દિવ્ય રૂપાંતર કરવાનું છે. **શીલ-વિકાસનું કાર્ય ભાગ્યે જ શિક્ષકના** કાર્યક્ષેત્રમાં આવી જાય છે. માનસિક વિકાસ થોડોઘણો શિક્ષક કરાવી શકે છે, આધ્યાત્મિક વિકાસ થતો હોય તો બહુ જ નજીવો ને આડકતરી રીતે. આમ જ્યાં **શિક્ષકનું કાર્ય પૂરું થાય છે ત્યાંથી સદ્‌ગુરુનું કાર્ય શરૂ થાય છે.**

લાગણીઓ, પ્રેરણાઓ, પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત, સંસ્કાર, સુષુપ્ત માનસ વગેરેમાં જે જે કુટેવો ગળે ઘંટીના પડ જેવી લટકતી રહ્યા કરીને સાધકનો આત્મિક વિકાસ અટકાવતી હોય છે તે બધી દૂર કરી અથવા શુદ્ધ કરી, આત્મસ્થિતિમાં પ્રગટાવવામાં સાધકની પ્રથા અને સદ્‌ગુરુ સહાય કરે છે. ગુરુનું કાર્ય **માત્ર બોધ દેવાનું નથી, પરંતુ સાધકની સુષુપ્ત શક્તિઓને છતી કરી જાગ્રત કરવામાં મદદરૂપ થવાનું છે.**

આવા અતિસૂક્ષ્મ કાર્ય માટે કુદરતી રીતે સાધન પણ સૂક્ષ્મ યોજાતું હોય છે. આ સાધન એટલું તો સૂક્ષ્મ હોય છે કે સાધકને શરૂમાં **તો ખબર પડતી** નથી, કે **પોતે ગુરુની અસર** નીચે પ્રવર્તતો હોય છે. અલબત્ત, આ વિદ્યામાં વાણી છેક વર્જ્ય નથી પરંતુ સૂક્ષ્મ સંબંધ કરતાં ઉપદેશાત્મક **વાણી ઓછી અસરકારક હોય છે** ને તેથી તેનો ઉપયોગ પણ ઓછો કરવામાં આવે છે. આવા જ કોઈ કારણસર સદ્‌ગુરુઓ અને સંતો ઘણીવાર નિષ્ક્રિય અથવા તદ્દન સ્થગિત જેવા દેખાય છે અને તે કેવળ જગતમાંના આંદોલનો પરત્વે જ નહિ પણ જેઓએ એમને માર્ગદર્શન માટે સ્વીકાર્યા હોય તેવાઓ પ્રતિ પણ, ખરી રીતે પેલા સાધકો કે જગત જાણે કે ભલે ન જાણે, તેમ છતાં તેઓ તો સૂક્ષ્મ અને અદૃશ્ય રીતે, પેલાઓના હિતના કારણે જ ખૂબ જ પ્રવૃત્તિશીલ રહ્યા કરતા હોય છે. તેઓ વાણી દ્વારા ઉપદેશ આપે કે ન આપે, સાધકોને સમીપમાં રાખે કે દૂર રાખે, તોપણ આધ્યાત્મિક શક્તિનાં આંદોલનો સાધકોના વ્યક્તિત્વમાં ઊંડા પ્રવેશીને, તેમનું પરિવર્તન કરવા માંડે છે. સાધકની નિદ્રાવસ્થાવેળા જ્યારે તેના **આંતરસત્ત્વને પહોંચવું કેંક વધુ સુગમ**

**હોય છે** ત્યારે પણ સદ્‌ગુરુ આવાં આંદોલનોના ઉપયોગ કેટલીક વાર કરતા હોય છે.

સાધકનાં આંતર-મંથનો તથા તેની સમીપ ખડા થતા કોયડાનું જ્ઞાન ગુરુને હોવાથી તે એવા કોયડાનો ઉકેલ કદીક કદીક વાતવાતમાં **ત્રીજી વ્યક્તિની સાથે વાત કરતાં જ આપી દેતા હોય છે.** સાધકે આ કારણે ખૂબ **જાગ્રત રહેવાની જરૂર પડતી હોય છે** ને તેની ચકોરતાને તાલીમ પણ મેળવી રહે છે, કેટલીક વાર કડવા અનુભવે જ **શીખવા દેવાની ગુરુની દેખીતી રીતે નિર્દય પદ્ધતિમાં, સાચી કરુણા, ડરામણ ને પ્રેમ સમાયેલાં છે,** એમ સાધકને ભાન થાય છે. જે પોતાના એક માત્ર સાચા ને પ્રેમપૂર્ણ હિતકારીને તે ભ્રમણામાં તણાઈ ને મનમાં દોષ હતો એવું **ઝળકતાં તે વળી વધારે ગુરુ પ્રતિ આકર્ષાય છે. હવે એને સૂઝે છે કે કપરા સંજોગોમાં જાણી જોઈને** એને મૂકવામાં આવ્યો, તો જ **એની અંદર દટાઈ રહેલી શક્તિ જોર કરીને ફૂટી નીકળી તે લાભ થયો.** ઊંડા પાણીમાં હડસેલનાર ગુરુ તરફડિયાં મારી કિનારે પહોંચવાના તેના **પ્રયાસમાં ગુપ્ત સહાય આપનાર પણ ગુરુ છે.** કેટલીકવાર દુન્યવી કાર્યોનો લગભગ અસહ્ય બોજો નાંખીને ગુરુ તેની પ્રગતિ સાધતો અથવા પીછેહઠ કરાવતો લાગે, પરંતુ એમાં પણ, એને કલ્યાણકારી પરિણામ સાધક અનુભવે છે. શ્રદ્ધાની આકરી કસોટી થાય એવાં કાર્યો પણ ચીંધવામાં આવે છે. આવી બધી પ્રવૃત્તિઓ દ્વારા સદ્‌ગુરુનો હેતુ પોતાની સાથે સાધકની ચેતનાની સાંકળ દૃઢ અને અતૂટ થવા માંડે તે પણ હોય છે. કેટલીકવાર સૂક્ષ્મ, દ્વિઅર્થી કે અનેકઅર્થી વાણીનું પણ અવલંબન સાધકની સૂક્ષ્મતા, ચકોરતા અને વિવેકશક્તિના વિકાસ માટે લેવામાં આવતું હોય છે.

શરૂઆતના સાધકને કેટલીકવાર અનુભવ થાય છે કે ગુરુ એની યોગ્ય કે અયોગ્ય એવી ઘણી ઈચ્છાઓ પૂરી કરે છે, અને **ગુરુને આથી કેટલીકવાર ઘણું સહન કરવાનું પણ આવે છે.** તો તેને તે પોતાનું પ્રારબ્ધ ભોગવાઈ જાય છે, એમ જાણીને તેવું બધું થવા દે છે. જ્યારે સાધકને આની જાણ થાય છે **ત્યારે એનો ગુરુ પ્રત્યેનો ફુવારો જોરથી ફૂટી નીકળે** છે. શરૂઆતમાં સાધકને જાણ નથી થતી કે પોતે કોઈ **સૂક્ષ્મ અસરને** પરિણામે **ઘડાતો જતો** હોય છે. તે વખતે દુઃખદ લાગતા અનુભવો પણ એને થવાના, પરંતુ જો **એવા વિષમ** સંજોગોને પણ તે **આનંદપૂર્વક સ્વીકારી લે છે** તો પ્રગતિ ઝટ થાય છે. કો'કવાર ગુરુ **પોતાની દિવ્ય ચેતનાશક્તિનો સહજ પરચો પણ** સાધકને બતાવે છે - જેને સાધક ચમત્કાર તરીકે લેખતો હોય છે અને એ સાધન દ્વારા પણ સાધકને પોતાના પરત્વેના આકર્ષણમાં પ્રેરવતો હોય છે. **કેટલીકવાર આઘાત આપીને પણ પોતાનાં મન, બુદ્ધિને સંકોરીને સતેજ કરીને પોતા તરફ વાળતો હોય છે. જેમ મા પોતાના બાળકને કો'કવાર હસાવે છે, કો'કવાર પટાવે છે તો કો'કવાર રડાવે છે, ને કો'કવાર તેની સાથે ગુસ્સે પણ થાય છે તેમ ગુરુ સાધક સાથે વર્તતો હોય છે.** પરંતુ અલબત્ત મા ની જેમ પ્રકૃતિવશપણે નહિ, કિન્તુ સભાન-સજ્ઞાનપણે-પ્રકૃતિ પરના સ્વામિત્વ સાથે હેતુપૂર્વક સાધકની **પ્રગતિ જેમ જેમ સધાતી જાય છે** તેમ તેમ તેને પ્રતીતિ થતી જાય છે કે **ગુરુનું માર્ગદર્શન ને વર્તન કશાપણ અગાઉથી કરાયેલ વિચારથી પ્રેરાયેલ નહિ પણ સહજ અને સ્વતઃ સ્ફુર્ત હોય છે અને એનો એકેએક કાર્યમાં, વાણીમાં અને હાવભાવમાં ગૂઢ હેતુ પણ સમાયેલો હોય છે.** એવો કોઈ જાતનો મત કે સિદ્ધાંત નથી હોતો કે તે ગુરુનો પોતાનો આગવો અંગત ગણાય. એ તો પળેપળ બદલાતી પરિસ્થિતિ અને વ્યક્તિને - સાધકને - યોગ્ય જે જાતનું ત્યારે **લક્ષણ ને વર્તન ઘટિત હોય** તે તટસ્થતાપૂર્વક રાખે છે. તેનું આજનું વર્તન કાલ

કરતાં તદ્દન ભિન્ન પ્રકારનું પણ હોઈ શકે છે.

— જીવન સંદેશ, આ.૨, પૃ. ૧૬૪ થી ૧૭૬

જ્ઞાનની **કક્ષામાં આવ્યા પહેલાં તે સ્થિતિ પ્રાપ્ત કરવાને માટે પોતાની જાત પ્રત્યે સખત અને નિષ્ઠુર સદ્‌ગુરુ બન્યા કરેલો હોય છે,** તેવો જ નિર્દય સાધક પ્રત્યે પણ વખત આવ્યે જરૂર થતો હોય છે. દરેક સાધક સાથે પાછો જે તે પ્રમાણે જ વર્તશે એવું પણ નથી. કયા સાધકની પ્રકૃત્તિ **કેવી** છે, એની તેના પોતાની સાથે કર્મ **પ્રારબ્ધના સંજોગો કેવા છે તેની તેને જાણ હોવાથી સાધક સાથે** યોગ્ય સમયે તે તે સાધકના કલ્યાણ અર્થે જ તેનો તેવો વર્તાવ રહેતો હોય છે. શરૂઆતમાં ને ઘણીવાર તો લાંબા કાળ સુધી પણ સાધક આવું વર્તન સમજી શકતો હોતો નથી. ને તેથી ગુરુ પ્રત્યે તે ક્રોધે પણ ભરાય કે મનમાં અન્યથાપણે પણ વિચારે, પરંતુ તેથી તો સાધકને પોતાને જ નુકસાન થાય છે. **સાધકને ગમે તેવું દુઃખ કે કષ્ટ થાય** તોપણ જરૂર ઊભી થતાં **જે કંઈ યોગ્ય કરવાનું હશે તે કરતાં ગુરુ અચકાશે નહિ.** જ્યાં સુધી **એવી ઘડતરની ને ચણતરની** ક્રિયાને સાધક **દુઃખ અને કષ્ટ ગણ્યાં કરશે ત્યાં સુધી એને સંતાપ અને ક્લેશ રહ્યા કરવાના.**

— જીવન સંદેશ, આ.૨, પૃ. ૧૦૭

**એક જ ગુરુ ને સાધકો જુદી જુદી રીતે અનુભવતા હોય છે. એક સાધકને** તે વ્યવસ્થિત, કાળજીવાળો, ચોક્સાઈવાળો, સ્મૃતિવાળો એવા એવા પ્રકારનો દેખાય, વળી **બીજો સાધક** એને બીજી રીતના અનુભવવાળો નિશ્ચયપૂર્વક તેમ જાણતો હોય છે. વળી **ત્રીજા પ્રકારના જીવ** સામે તે ત્રીજી જ રીતે માલુમ પડતો હોય છે. એમ તે અનેકની સાથે જુદો જુદો દેખાતો હોય છે; **તેથી કોઈએ પણ તેવી કોઈની જણાવેલી હકીકતમાં ભેદ માનવાપણું નથી. પોતપોતાને તેવાનો થયેલો અનુભવ જેને તેને સ્થાને યથાર્થ હોવાનો પૂરતો સંભવ રહે છે.**

જીવ તો હંમેશાં પાર્થિવતાની પકડમાં જ રહીને, **એના ચોકઠામાં** જકડાઈને જ બધું વિચારતો હોય છે. ગુરુની સલાહથી એને દેખીતો ગેરલાભ પણ થતો દેખાય - તેમ પણ બને - તેમ છતાં ગુરુનો હેતુ તો પેલાના જીવનના કલ્યાણ કાજેનો હોય છે. એટલે એવાનું કહેવું જો માત્ર પોતાના આંતરિક જીવનવિકાસની ભૂમિકા પરથી અને માત્ર અંતર્મુખપણાના નામથી, તટસ્થ સાત્ત્વિકતાથી જો ગ્રહણ કરવાનું બની શકે, તો તેથી ઊપજતી સર્વ કોઈ સ્થિતિમાં માનવીના દૃષ્ટિ, વૃત્તિ અને વલણ જીવનવિકાસ પરત્વે રહેવામાં કરવામાં પ્રેરણારૂપે ઝળહળ્યાં કરે. જે સંતના સમાગમમાં આપણે આવ્યા હોઈએ અને **જેની અતિમાનવતાનાં દર્શન** અને અનુભવ આપણને હૃદયથી થયા હોય તે પછી કોઈ એવા કશાકના કંઈક વિશે, તેમના વિશે, આપણામાં ગડમથલ જાગે, તો એના પેલાં અતિમાનવતાનાં દર્શન ને આપણને એના થયેલા દૃઢ ખ્યાલથી, તેવા તેના 'કંઈક'ને આપણા જીવન વિશેનો શો હેતુ હોઈ શકે, તેવું તટસ્થતાપૂર્વકનું પૃથક્કરણ જ્ઞાનપૂર્વક જો કરવામાં આવે, તો **તેવાનો કોઈક દિવ્ય હેતુ** સમજાયા વિના રહે નહિ. જેના વિશે અતિમાનવતાના દર્શન ને અનુભવ આપણને ખરેખર થયા હોય, તેને વિશે કશી સગડગ પણ ન હોય, અને જેના વિશે બુદ્ધિ પણ તે કબૂલ કરતી હોય, તો તેવી વ્યક્તિ કદી પાર્થિવપણાની જીવનવાળી હોઈ શકતી નથી. જેમ વિજ્ઞાનશાસ્ત્રમાં **ગમે તેમ અલેલટપ્પે કશું** જ સ્વીકારી લેવાનું નથી, તેના કરતાં પણ વિશેષ આમાં એના યોગ્ય પ્રમાણો ને લક્ષણો હોય છે. કાં તો એમ સંભવ છે કે એવાના અતિમાનવતાનાં દર્શન કે અનુભવ કરવામાં આપણી માત્ર **સાવ અંધશ્રદ્ધા હોય તો પછી જુદી વાત.** પરંતુ જેનો અનુભવ નરી પ્રમાણભૂત હકીકતોને આધારે, નરી શુદ્ધ આંખે બુદ્ધિ ને મનથી પ્રત્યક્ષ થયો હોય, તો પછી એના વિશે કશું વિચારવા કરતાં પોતા વિષે

જ સાધકે ઊંડામાં ઊંડું વિચારવામાં લક્ષ આપવું યોગ્ય લાગે છે.

— જીવન પ્રવેશ આ.૧ પૃ. ૧૨૧-૧૨૨

સાધક એક વખત પોતાના જીવનમાં ગુરુની આવશ્યકતા સ્વીકારી લે છે; તે પછી એને એની **મહત્તા સમજાયા વિના રહેતી નથી.** એને સમજાતું જાય છે કે **ગુરુ એટલે વિશ્વની પ્રત્યેક વસ્તુનું કોઈ પરમ ચેતનાશક્તિ સાથે શા માટે ને કેવી રીતે સાંકળવાનું બને છે, તે સમજાવનાર જ્ઞાનશક્તિ. માનવ-જીવનનું શું રહસ્ય છે, શા માટે આપણને જન્મ મળેલો છે, જીવનનો શો હેતુ છે, તેની સાથે જગતનો શો સંબંધ છે, એ બધાંની ક્રમશઃ સમજણ જેની ચેતનાશક્તિ વડે પોતાનામાં પ્રગટ થતી જાય છે તે ચેતનાશક્તિ જ ગુરુ છે.**

આમ જે સાધકને ગુરુની મહત્તા સમજાય છે તે જીવનમાં **નવું નવું શીખવતો જાય છે,** ને પછી ધીમે ધીમે ગુરુની નજીક આવતો જાય છે. શરૂઆતમાં સાધકને ગુરુની સ્થૂળ સમીપતાની જરૂર વધુ લાગે છે, **તોપણ યોગ્ય ગુરુ તો તે સાધકને જરૂર પૂરતો જ પાસે રહેવા દેશે.** જરૂર કરતાં વધુ રહેવું, એ સાધકમાં ગુરુ પ્રત્યેની જે યોગ્ય સમજણ કે આદરવૃત્તિ જન્મેલાં કે જન્મતાં હશે તે માટે લાભકારક ન પણ હોય. **ગુરુ તો સાધકના આધારમાં અદૃશ્યપણે પોતાનો ભાવ જરૂર જેટલા પ્રમાણમાં રાખીને તટસ્થતાથી જોયા કરે છે.** સાધક જ્યારે ગુરુની સમીપ હોય છે ત્યારે પણ ગુરુ એવાં કંઈ ને કંઈ પ્રસંગો ઊપજાવે છે કે જેથી સાધકનું મન ગુરુમાં આકર્ષાયેલું રહ્યા કરે.

જે સાધક પોતાનાં જૂનાં મંતવ્યો, સમજણો, ગણતરીઓ, મડાંગાંઠો, આગ્રહો, આદિ રાખ્યાં કરતો હશે તેને તે બધામાંથી **છોડાવવા ગુરુ કોઈ ને કોઈ સૂક્ષ્મ પ્રયત્ન કર્યા કરતા હોય છે** - આથી કોઈકવાર આઘાત આપીને પણ સાધકને અંતરમાં વિરોધ પણ જાગતો હોય છે. પરસ્પર બે વિરોધી અથડામણોને લીધે આવું થવાનું જ. **ગુરુનો ભાવ સાધકના પ્રત્યેક તબક્કામાં તેની સાથે રહ્યા કરતો હોય છે.**

જે સાધકને પોતાના જીવનના હેતુની ગેડ હજી બરાબર બેઠી નથી કે તેનું પૂરેપૂરું મહત્ત્વ હજી અંતરમાં બેસી ગયું નથી તેવો સાધક ગુરુને યથાર્થ રીતે સમજી શકતો નથી. એટલું જ નહિ પણ પોતાની અધૂરી સમજણ અનુસાર ગુરુ વિશે મત બાંધીને તેમને અન્યાય પણ કરતો હોય છે. આવા વલણથી ગુરુની નીકટતા કંઈ લાભ અપાવી શકતી નથી. જો સાધક અભિપ્રાય ન **બાંધી લેતાં ખુલ્લો રહેવા મથે ને રહે તો લાભ મેળવી શકે.**

કદાચ કર્મ-પ્રારબ્ધના સંજોગે કોઈ **અતિ નીચલા થરના સાધક સાથે ગુરુનો સંબંધ થયો હશે** તો અનેક જાતની મથામણો તે સાધકના જીવનમાં ઉદ્ભવાવીને **તેને ઊંચે લાવ્યા વિના ગુરુ રહેનાર નથી.** આ કાર્યની પરિપૂર્ણતા માટે એને મન તો અપાર ધીરજ હોય છે. સાધકને **પોતાનું સ્પષ્ટ ભાન જાગે એવું** કરાવવામાં તે કશુંયે બાકી રાખતો નથી. અલબત્ત, **સાધકના હાથે જ તે બધું થવા દે છે.** એની પાછળના **સંજોગોમાં પોતે ઊભો છે;** એ ખ્યાલ પણ તે સાધકને જાગવા દેતો નથી. પરંતુ સાધક **જ્યારે ગુરુનો સૂક્ષ્મ હાથ ઓળખી કાઢે છે ત્યારે તેને પોતાના જીવનની કૃતાર્થતા થતી લાગે છે.**

ગુરુની સમીપતા વેળાએ જુદી જુદી પ્રકૃતિના અનેક માનવીઓ સાથેના ગુરુના વર્તાવમાં શરૂઆતના સાધકને જીવનદૃષ્ટિના અભાવે દંભ, ડોળ, આડંબર, અહંભાવ, ક્રોધ, એમ પ્રકૃતિની જુદી જુદી દરેક વૃત્તિઓ જાણ્યા કરે છે. **ગુરુને પોતાનો પ્રભાવ, ઓજસ, મહત્તા, શક્તિ વગેરે** સાધકના દિલમાં જોરજુલમથી જાણે ઠસાવવા માગે છે; એવું પણ સાધક કલ્પ્યા વિના નથી રહી શકતો.

આવાં બધાં સાધકનાં વલણોને **ગુરુ સ્પષ્ટપણે જાણી જતો હોય છે;** તોપણ પોતાના વર્તનનો યોગ્ય ખુલાસો ગુરુ ભાગ્યે જ કરે છે. પોતાને ઊંધી રીતે આસાનીથી સમજાવા દે છે. તેને ધીરજ હોય છે કે **સાધક જો સાધનાને જ મહત્ત્વ આપ્યા કરશે તો આજે નહિ તો કાલે, ગુરુનું વિચિત્ર કે દેખીતી રીતનું અયોગ્ય લાગતું વર્તન તેના યોગ્યપણામાં સાધકને સમજાયા વિના રહેવાનું નથી.**

કોઈને પણ એનાં લખાણો, એના પત્રોના અભ્યાસથી કે તેના **તત્ત્વજ્ઞાનની સમજણથી પણ આપણે પૂરેપૂરી સમજી શકીશું નહિ.** જે કાજે એવાનો નિકટ સહવાસ જરૂરી ભલે હોય છતાં તે પણ પૂરતું નથી. સતત એકધારો જીવનવિકાસનો અભ્યાસ અને હૃદયની ભાવનાથી સેવેલો સહવાસ, તે ઉપરાંત તેનું હૃદય સમજવાનો ને એની જીવનની સમગ્ર, સળંગ, સર્વતોમુખી વિચારસરણી, ભાવસરણી ને **જીવસરણીની ઈમારત કયા પાયા ઉપર ચણાયેલી છે,** તે સમજવાને પ્રયત્ન થાય તો જ તેનું જીવનમૂળ આપણને કદાચ હાથ લાગશે અને જો હાથ લાગે તોપણ તે પૂરેપૂરી રીતે તો નહિ જ. આથી **સાધક પોતામાં થતા પરિવર્તનનોને સત્ય હકીકતરૂપે અનુભવશે**, ત્યારે તેના દિલમાં ગુરુની પરમ મહત્તાનો ને ઉપયોગી-પણાનો વધારેમાં વધારે સ્ફોટ હૃદયથી થતો જશે.

ગુરુની સમીપતા યોગ્યતાવાળી અને ફળદાયી તેટલા જ પ્રમાણમાં ગણી શકાય કે જેટલા પ્રમાણમાં સાધકનું સમગ્ર જીવન તેની ચેતનાશક્તિ સાથે સંકળાતું જાય અને તેનો દૈવી લાભ લેવાતો જાય. સાધકે **પોતે જ આ બાબતમાં સજાગ રહીને પોતાની નિમ્ન પ્રકૃતિઓનાં વિકૃત વલણોનો ઈન્કાર સતત કર્યા કરીને મથ્યા કરવાનું રહે છે.**

જે સમજણ કે પ્રેરણાઓ સાધકને મળે તે સાધકને રચનાત્મક મદદ અને વેગ આપનારી હોય, તેની અસરને આડફેટે લઈ જનારી ન હોય તે વિશે સાધકે **સૂક્ષ્મ જાગ્રત વિવેક કર્યા કરવાનો રહેશે;** કારણ કે જે ચેતનાશક્તિ સાથે આપણો સંબંધ થયેલો છે તે **ચેતનાશક્તિ વ્યક્તપણે નિર્ભેળ સરળતાથી** આપણી સાથે કામ લઈ રહેલી હોતી નથી. આપણને તો **કદીક બીજું પણ બતાવે,** અને તે **વેળાએ આપણી પૂરી કસોટી થઈ જવાનો સંભવ રહે છે.** આ કારણથી સાધકે કદી પણ વિવેકશક્તિ નહીં વાપરવી કે બુદ્ધિનો ઉપયોગ નહિ જ કરવો એમ માનવું બરાબર નથી. **આપણામાં પૂરેપૂરી સમજ, તુલનાત્મક બુદ્ધિ ને શક્તિ, પ્રત્યેક પરિસ્થિતિમાં પોતાનો શો ધર્મ છે એ સમજી લેવાની સહજ શક્તિ, ગૂંચોનો ઉકેલ તરત જ કરવાની હૈયાસૂઝ** - એવું બધું આપણામાં ઉગાડવા માટે ગુરુની ચેતનાશક્તિ છે. એ શક્તિ આપણને પરાધીન રાખવા માગતી નથી; પણ પોતાના જેવા જ **ચેતનાશક્તિવાળા બનાવવા તે ઇચ્છે છે.**

— જીવન સંદેશ, આ.૨ પૃ. ૩૨ થી ૫૩

વળી, ઘણીવાર ગુરુ જેમ થતું હોય તેમ નિરાંતે થવા દે છે. તે કશું બેળે બેળે લાદી શકતો નથી. એ પણ તેની તેની તેવી તેવી ભૂમિકાઓ માગી લેતો હોય છે. સમષ્ટિની ને વ્યક્તિની રચનામાં અને ચલણમાં આ જગતમાં રહેલા મહાન આત્માઓ સાક્ષીવત જ રહેતા હોય છે. વળી સાધક **ગુરુને પૂરેપૂરા હૃદયથી સ્વીકારી પણ શક્યો હોતો નથી. કદાચ ધારો કે ગુરુ એને હંકારવાનું ઈચ્છે તો પણ પેલો જીવ એને સમજી ના** શકે; એના ભાવની રીતે તે ચાલી પણ ન શકે. ગુરુના આઘાત-પ્રત્યાઘાત **સ્વીકારવા એ સહેલું નથી,** કેમકે તે અટપટા છે. સાધકની કક્ષા **જ્યાં સુધી જીવ ભાવમાં હોય છે,** ત્યાં સુધી તેવો જીવ ગુરુની ભાવનાને ને ચેતનાને અને તેના યોગ્ય પ્રકારના હકીકતપણાને સમગ્ર અને સળંગપણે સમજી શકવાને સમર્થ બની શકતો નથી. ગુરુની જાગી ગયેલી ચેતનાશક્તિની પ્રતીતિ અને અનુભવો જીવને અનેક વાર થયા હોવા છતાં

સાધક **જીવ દશામાં છે, ત્યાં સુધી તેવા આત્માની યોગ્યતામાં** એને સગડગ જાગ્યા વિના રહી શકતી નથી. જીવ-સ્વભાવમાં જકડી રાખવા આપણામાંથી પ્રકૃતિ આપણને અનેક સૂક્ષ્મ ને કારણરૂપે કંઈ ને કંઈક કશું બતલાવી કે અમુક આપણી તેવી દશામાં **'હકીકતપણે' દેખાય તેવું બતાવી મનને પેલાનામાં એકરાગ થતું અટકાવવા બધા તનતોડ પ્રયત્ન તે કરતી રહેવાની જ.**

જ્યાં સુધી સાધકનો સંપૂર્ણભાવ એકરાગપણે ગુરુમાં સર્વભાવે ને સર્વ રીતે શરણપણાની જીવતી ભાવનામાં પૂરેપૂરો ન બની શક્યો હોય, ત્યાં સુધી **ગુરુ પણ બિચારો સાવ લાચાર હોય છે.** એની લાચારીનો તો પાર નથી હોતો - એવા એના દર્દને કોણ પિછાની શકે કે કોણ અનુભવી શકે ? **ગુરુ તો મડદા જેવો છે. એને જીવાડો તો જીવે ને મડદા જેવો રાખી મૂકો તો તે તેમ પણ નિરાંતે પડી રહે. તે જીવતો આપણા આધારે જ બની શકે.** ગુરુની ભાવના, સર્વાર્પણભાવે, સમર્પણ-ભાવે ને કેન્દ્રિતપણે જીવતી જાગતી આપણા આધારના **એકએક કરણમાં ન બની જાય ત્યાં સુધી ગુરુ પણ લૂલો-પાંગળો હોય છે.** ગુરુમાં આપણો પૂરેપૂરો હૃદયથી હૃદયમાં એકરાગ થઈ જવો - તેમનામાંનું સ્વીકારવાની ભૂમિકા યોગ્યપણે થવા કાજે - ઘણો જરૂરી છે. **તેવું થઈ શકે તો યોગ્ય ગુરુ યોગ્ય સાધકને તેની યોગ્ય રીતે હંકારી શકે. આવું આખું વિજ્ઞાનશાસ્ત્ર છે.**

**—** જીવન પ્રેરણા આ.૧ પૃ. ૧૨૩ થી ૧૨૭

એમની પ્રત્યેક સૂચના નમ્રપણે, પુરા ભક્તિભાવથી, કંઈ પણ કશી **આશા-અપેક્ષા** રાખ્યા વિના, આપણા પોતાના જ કલ્યાણ અર્થે તે તે બધું છે એમ સમજીને અને તે વેળાએ એ સૂચનાથી બીજો સામો વિચાર ઊગવા દીધા વિના તે તે સૂચનાનો હૃદયપૂર્વક અમલ કરવાનું રાખવું.

ગુરુ અંગેની કોઈ ઘટના કે ગમે તેવી જાતની આકરી તેમના તરફની પ્રસંગ - કસોટીમાં, મન-બુદ્ધિથી ન સમજાય. તેવી વેળાએ પણ મનમાં અકળામણ, ઉદ્વેગ કે બીજી વૃત્તિ ન જાગી શકે, એવી દશા મનની રહ્યા કરે અને મનમાં કંઈ કશા બીજા ખ્યાલ ન જાગી શકે તો આપણા મનને જીવનના રચનાત્મકપણામાં જીવતું થવાને, તે એક ભારે ઉત્તમ પ્રકારની તાલીમ થઈ પડે. **સદ્‌ભાવ, ભક્તિ કે આદરભાવ** જે આપણે રાખવાનો છે, તે **આપણા પોતાના જ જીવનવિકાસ કાજે કરવાનું છે.**

વ્યાવહારિક ક્ષેત્રની જેમ આધ્યાત્મિક ક્ષેત્રે પણ જ્યાં સુધી આપણને તે ક્ષેત્રનું જ્ઞાન, સમજ કે અનુભવ નથી ત્યાં લગી એને (ગુરુને) આપણે યોગ્ય રીતે સમજી શકવાનાં નથી. આથી એના અંગે કોઈ પણ વિષે જેટલા **ખુલ્લા મનવાળા આપણે રહી** શકીએ તે આપણા કાજે ઉત્તમ છે.

ગુરુ પણ સાધનારૂપ છે. એનું **મહત્ત્વ હોય તો તે સાધન પૂરતું** જ છે. એને-એ સાધનને-ઘટતું ને જરૂર ને યોગ્ય મહત્ત્વ હોય તેટલું આપણે આપવાનું. તેનાથી ઓછું પણ નહિ ને વધારે પણ નહિ. વધારે આપવા જતાં સાધનમાં જ આપણે ભરાઈ પડવાનો સંભવ રહ્યા કરે છે, ને ઓછું અપાતાં સાધનનો પૂરો લાભ ઉઠાવી શકાતો નથી.

આપણો પ્રેમ તેઓ (ગુરુ) માગે છે. જેટલો વધુ અપાય એટલું આપણું જ વધુ શ્રેય છે. **આપણા પ્રેમ વડે કરીને તેના કામમાં** તે આપણને ભાગીદાર બનાવે છે. તેને આપણામાં કામ કરી શકવાને **આપણામાં ભૂમિકા રચવાના હેતુ અર્થે તે માંગે છે.**

સાધકે કોઈ પણ પ્રકારનો સંકોચ કે અંતર ગુરુની અને પોતાની વચ્ચે ન રાખવું ઘટે.

— જીવન સંદેશ, આ.૪, પૃ. ૨૬

પોતાના રાહબર પ્રત્યે અશ્રદ્ધા, અસદ્‌ભાવનું મનનું કે એવા કશાયનું એક પણ મોજું-લહરી-ન ઊઠે એ જોવાનું ને ઊઠે તો તેના **તત્ક્ષણ ઈન્કાર કરવાનું કાર્ય** સાધકનું હોવું ઘટે.

— જીવન સંદેશ, આ.૪, પૃ. ૨૧૮

# ૫. ગુરુપૂર્ણિમાની ઊજવણી

- કાર્તિકેય અ. ભટ્ટ

**પ્રશ્ન :** ગુરુપૂર્ણિમાની ઊજવણીની શરૂઆત ક્યારથી થઈ અને શા હેતુથી થઈ હશે ?

**ઉત્તર :** 'વેદકાળમાં ગુરુપ્રથા ન હતી. ત્યારે ઋષિઓ હતા, ગુરુકુળો હતાં, શિષ્યો ભણવાને ત્યાં જતા, પણ ભાવનાનું જેમ જેમ પતન થતું ગયું તેમ તેમ ભાવનાનું વહન સૂક્ષ્મમાંથી સ્થૂળ થતું ગયું. તે ભાવનાને કૂણી કૂણી રાખવા મૂર્તિપૂજા (ગુરુપૂજા) સ્થપાતી ગઈ.'

**પ્રશ્ન :** 'ગુરુપૂર્ણિમા કેવી રીતે ઊજવવી ?'

**ઉત્તર :** 'ગુરુપૂર્ણિમાનો દિવસ સતત ભાવનાપૂર્વક સ્મરણમાં પસાર થાય તેમ ઊજવવાનો હોય. એમાં મૂર્તિપૂજાને સ્થાન નથી. ભાવનાને સ્થાન છે. જેવો ભાવ તેવી વૃત્તિ પ્રવર્તે.'

આ સંદર્ભમાં શ્રી આનંદમયીએ કહ્યું છે, 'You may want to banish this body (Ma) from your mind. But this body won't leave for a single day, it does not and never will leave your thought. Whoever has once been drawn to love this body will never succeed in wiping out its impression even despite hundreds of attempts, this body rests and shall remain in his memory for all times.'

પૂજ્ય શ્રીમોટાએ કહ્યું કે ગુરુ એક વ્યક્તિ હોવા છતાં વ્યક્તિ નથી. આવા અનુભવી ગુરુ કેવા હોઈ શકે તેનાં લક્ષણો પૂજ્ય શ્રીમોટાએ વર્ણવ્યા છે. જેને નીચે પ્રમાણે દર્શાવી શકાય.

- તે નિવૃત્તિમાં પ્રવૃત્ત અને પ્રવૃત્તિમાં નિવૃત્ત રહે છે.
- તે કશાનો માલિક નથી અને બધાનો માલિક છે.
- વિસંવાદી ઘટનાઓમાં પણ તે સંવાદ જુએ છે.
- વિધિની કૃતિઓ તેને હલાવી મૂકતી નથી.
- એને કશું જ ભૂલી જવાપણું નથી અને યાદ રાખવાપણુંયે નથી, તે જાતે જ શુદ્ધ અનુભવ છે, તેથી તે શુદ્ધ વિજ્ઞાન છે.
- દેખીતી રીતે તે બીજાઓને અનુપયોગી છે, પણ એના અસ્તિત્વ માત્રથી જ આપોઆપ સમસ્ત વિશ્વના ઉન્નતિ માર્ગમાં તે ભાગ લે છે.
- સ્વાભાવિક રીતે અને સરળભાવે થઈ રહેલી બધાની ઉત્ક્રાંતિને તે સ્વસ્થતાથી જોયા કરે છે, તેથી તે કુદરતી રીતે પરિણામ પામતી વસ્તુ સ્થિતિમાં આડખીલીરૂપ થતો નથી.
- તેની સૂક્ષ્મ મૂંગી અનુકંપા બીજાઓની દોડધામ અને ધાંધલિયા પ્રવૃત્તિઓથી ક્યાંય વધુ અસરકારક છે.
- મનુષ્યરૂપ ધારણ કરનાર એ પુરુષ સાચે જ લોકોત્તર જ હોય છે.

ગુરુની પ્રથા ઉપર પ્રહારોની ચર્ચા કરતાં પૂજ્ય શ્રીમોટા કહે છે, 'જીવનવિકાસની ભાવનાવાળા જીવો તો બહુ જ વિરલ, નજીવા પ્રમાણમાં હોવાના તથા ચેતનની અપેક્ષાએ ચેતનને પ્રગટાવી શકે એવા સદ્‌ગુરુ પણ વિરલ જ હોવાના. સમાજમાં ઘણા પોતાની સ્વાર્થી કામનાઓ પોષવા માટે તેવા પ્રકારના ગુરુમાં ભેરવાઈ પડતા હોય છે. આવા ગુરુ-શિષ્યના પ્રકારમાં બંનેને નુકસાન જ હોય છે. આથી તેના ઉપર પ્રહારો પડે તે યથાર્થ જ છે.'

હરિઃૐ મોટા ઉપલબ્ધિ અને ઉપદેશ પુસ્તકમાંથી

## ગયેલા આત્માને શ્રદ્ધાસુમન

(૧) નરોડા નિવાસી - સ્વ. ભીખાભાઈ અંબાલાલ પટેલનું અવસાન
તા. ૫-૫-૨૦૨૪, રવિવારના રોજ થયેલ તેઓશ્રી ભજનિક હતા. તેમજ ઢોલ વગેરે ખૂબજ સરસ વગાડતા હતા.

(૨) નરોડા નિવાસી - અલ્પેશ ચંદુભાઈ પટેલ તા. ૧૮-૫-૨૦૨૪, શનિવારના રોજ અવસાન પામેલ છે. તેઓશ્રી ભજન પ્રેમી અને કડતાલના નિષ્ણાત હતા.

(૩) સ્વ. શ્રી ચીમનલાલ મહાજનના સાઢુભાઈ તેમજ મનોરથભાઈ છોટાલાલ શાહ અમદાવાદ તા. ૧૦-૫-૨૦૨૪ના રોજે સ્વર્ગવાસ થયેલ છે.

(૪) કેનેડા નિવાસી પૂજ્ય શ્રી મોટાના સ્વજન શ્રી જીગ્નેશ મહેતાના પિતાશ્રી તેમજ શ્રી રાજેન્દ્રભાઈ રાવલના સાઢુભાઈ સ્વ. અંબિકાપ્રકાશ શંકરલાલ મહેતા (અમદાવાદ)
તા. ૨૨-૫-૨૦૨૪ના રોજ દેહાવસાન થયેલ છે.

(૫) સ્વ. ભૂપતભાઈ વિક્રમભાઈ દેસાઈ - રહેવાસી ભાવનગર તા. ૨૭-૫-૨૦૨૪ના રોજ અક્ષરધામ પામેલ છે.

(૬) શ્રી ચતુરભાઈ એચ. પટેલના ધર્મપત્ની સ્વ. કંચનબેન ચતુરભાઈ પટેલ, અમદાવાદ તા. ૧૭-૫-૨૦૨૪ - સાઉથ બોપલ ખાતે અવસાન થયેલ છે.

(૭) સ્વ. ધન અંકલેશ્વરીયા રહેવાસી અમદાવાદ તા. ૫-૬-૨૦૨૪ની રોજ નિર્વાણ પામેલ છે. તેઓ દેહે પારસી હતા અને પૂ. શ્રીમોટાના પરમ સ્વજન હતા તેઓએ પૂજ્ય શ્રીમોટાને દસ તોલાની સોનાની લગડી ભેટમાં આપેલ હતી.

(૮) ઈંદીરાબેન નંદલાલ અમીનના જમાઈ તથા મિહીરભાઈ નંદલાલ અમીન (અમીન સોસાયટીવાળા)ના બનેવી, એમ્કો બેંકના (અમદાવાદ મર્કેન્ટાઈલ કો-ઓપ બેંકના) ચેરમેન સ્વ. શ્રી હિમાંશુભાઈ ઠાકોરભાઈ પટેલનું દેહાવસાન તા. ૧૪-૦૬-૨૦૨૪ને રવિવારના રોજ થયેલ છે.

**શ્રીહરિ મોટા સર્વે ગતાત્માઓને શાંતિ અને કલ્યાણ આપે તેવી હૃદયથી પ્રાર્થના**

## હરિઃૐ આશ્રમને મળેલ દાન

| | | |
|---|---|---|
| (૧) | એપ્રિલ - ૨૦૨૪ | ૮,૪૭,૫૮૭-૦૦ |
| (૨) | મે - ૨૦૨૪ | ૧,૨૭,૦૧૪-૦૦ |

## હરિઃૐ ગુંજનને માટે આર્થિક સહયોગ

| | | |
|---|---|---|
| (૧) | સ્વ. સવિતાબેન જયંતિલાલ દવે (તા. ૧૬-૪-૨૦૨૦) | |
| | હ. કાદમ્બરી જસવંતલાલ દવે શાહ અમદાવાદ | ૫,૦૦૦/- |
| (૨) | જીગ્નેશભાઈ ગુણવંતલાલ ઠક્કર (જન્મદિન નિમિત્તે) | ૧,૦૧૧/- |
| (૩) | સુશ્રી મૃદુલાબેન માણેકલાલ મુખી, અમદાવાદ | ૧,૦૦૦/- |

# પૂજ્ય શ્રીમોટાને ૮૬મો સાક્ષાત્કાર દિન અહેવાલ – મેનેજિંગ ટ્રસ્ટી, સુરત

હરિઃૐ વ્હાલા સ્વજનો,

પૂજ્ય શ્રીમોટાનો ૮૬મો સાક્ષાત્કાર દિન રામનવમી ઉત્સવ સુરત મુકામે તા. ૨૮-૦૪-૨૪ના રોજ ભાવપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો તેનો ટૂંકો અહેવાલ અત્રે રજૂ કરીએ છીએ.

ઉત્સવનું સ્થળ શ્રી ઓલપાડ કડવા પાટીદાર સમાજની વાડી અમીકુંજ જે હરિઃૐ આશ્રમ સુરતથી તદ્દન નજીકમાં જ આવેલું હતું. જેથી આ વર્ષે ઉત્સવમાં બહારગામથી આવનાર તમામ સ્વજનો ઉત્સવની સાથોસાથ આશ્રમની મુલાકાતનો પણ વિશેષ લાભ મેળવી શક્યાં હતાં. સુરત, અમદાવાદ, વિદ્યાનગર, દિલ્હી, મુંબઈ,નવસારી જેવા અનેક શહેરો તેમજ દોણ, લવાછા, ઓલપાડ, ચીખલી વગેરે તાલુકાના અનેક અંતરિયાળ ગામડેથી આવનાર સ્વજનો શનિવાર સાંજના જ ઉત્સવ સ્થળે આવી પહોંચ્યા હતા. **સ્વજનોના ઉતારા માટે યજમાન શ્રી હેમંતભાઈ અરવિંદલાલ મોદીએ ઉત્સવ સ્થળ તથા આશ્રમથી તદ્દન નજીકમાં આવેલ ઈસ્કોન મંદિરમાં રૂમો બુક કરાવી મહેમાનો માટે ઉતારાની સુંદર વ્યવસ્થા કરી હતી.**

તા. ૨૭-૦૪-૨૦૨૪ શનિવાર સાંજે ઉત્સવની શરૂઆતમાં લવાછા ગામના યુવકો દ્વારા હરિઃૐ ધૂન તેમજ ભજનોની રમઝટ ચાલી હતી. ત્યારબાદ શ્રી ગુરુગીતા નામ સંકીર્તન થયું હતું. કાર્યક્રમની અંતમાં **ડૉ.મનસુખભાઈ પટેલ** દ્વારા શ્રીમોટા વિષે સત્સંગ શરૂ થયો જેમાં તેમણે પૂજ્ય શ્રીમોટાના બાળકેળવણી અંગેના માર્ગદર્શન આપતાં પત્રો વગેરેનું વાંચન તેમજ શ્રીમોટા રચિત 'હરિ વહાલો' ભજનનું નિરૂપણ કર્યું હતું.

બીજે દિવસે તા. ૨૮-૦૪-૨૦૨૪ના રોજ પરોઢિયે સ્વજનો વહેલા વહેલાં દૈનિક ક્રિયાઓથી પરવારીને વહેલી સવારના શાંતિમય વાતાવરણમાં આશ્રમ દર્શનનો લ્હાવો લઈને ૬:૪૫ થી ૭:૩૦ વચ્ચે ઉત્સવ સ્થળે અલ્પાહાર લઈને ભજનીક સર્વે સભા મંડપમાં ઉત્સવ માણવા માટે સૌ સ્વજનો પોતપોતાના આસન પર ગોઠવાઈ ગયા હતા. કાર્યક્રમની શરૂઆત સંગીતકાર શ્રી ભાવિક પટેલ, ભક્તિબેન પટેલ અને તેમના સાથીવૃંદ દ્વારા હરિઃૐ ધૂન કર્યા બાદ શ્રીમોટા ચરણે, આરતી અને નિત્ય પ્રાર્થનાઓનું સમૂહ ગાન થયું. ત્યારબાદ શ્રીમોટાનાં તેમજ અનેકવિધ સંત ભક્તોના ભજનોની રમઝટ ચાલી જેમાં **પૂજ્ય શ્રીમોટા રચિત ધીરજના ફળ મીઠાં રે જેવાં ઘણાં નવાં ભજનો તદ્દન અનોખી રીતે પીરસવામાં આવ્યા.** ભજનોની પૂર્ણાહુતિ સમયે ઘણાં સ્વજન ભાઈઓ તથા બહેનો સંગીતના તાલે ભાવવિભોર બની ઝૂમી ઉઠેલા.

આ વર્ષે સ્વજનોને આશ્રમનો અહેવાલ પ્રિન્ટ સ્વરૂપે આપવાને બદલે ડિજિટલ સ્વરૂપે આપવાં માટે આશ્રમ દ્વારા એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો. **આશ્રમના મોબાઈલ નંબર +૯૧ ૯૭૨૭૭ ૩૩૪૦૦ ઉપર વોટસઅપમાં હરિઃૐ ગુજરાતી અથવા અંગ્રેજીમાં લખવાથી સ્વજનના મોબાઈલ પર આપમેળે વાર્ષિક અહેવાલની pdf આપી હતી. વોટ્સઅપની આ ટેકનોલોજીનો ઉપયોગ સ્વજન શ્રીમોટાનું સાહિત્ય વાંચવા તેમજ સાંભળવા માટે પણ કરી શકે છે.** જેમકે આપ જે પણ પુસ્તકની pdf મેળવવા માંગો છો તેનું ગુજરાતી અથવા અંગ્રેજીમાં નામ લખવાથી તે પુસ્તક આપના વોટસઅપમાં આપમેળે આવી જશે. આ સેવા મેળવવા માટે ૯૭૨૭૭૩૩૪૦૦ મોબાઈલ નંબરને તમારાં મોબાઈલમાં હરિઃૐ આશ્રમના નામથી સંગ્રહિત કર્યા બાદ વોટસઅપ પર જે તે પુસ્તકનું નામ લખશો જેમ કે કૃપા અથવા KRUPA. આમ, હવે **સ્વજનો આશ્રમની વેબસાઈટ www.hariommota.org ઉપરાંત વોટ્સઅપના માધ્યમથી પણ પુસ્તક ડાઉનલોડ, મૌન બુકીંગ વગેરે વિવિધ સેવાઓ મેળવી શકશે.**

પૂજ્ય શ્રીમોટા વિરચિત વિવિધ દૈનિક પ્રાર્થનાઓ જેમકે જમતી વખતની પ્રાર્થના, સૂતા સમયની પ્રાર્થના, ગર્ભવતીએ કરવાની પ્રાર્થના, જન્મદિવસની પ્રાર્થના વગેરેની સંગીતમય પ્રસ્તુતિ શ્રી ભાવિક પટેલ દ્વારા તૈયાર કરવામાં આવી છે જેને ઉત્સવમાં સ્વજનો સમક્ષ પ્રસ્તુત કરવામાં આવી

હતી. આ તમામ પ્રાર્થનાઓનો કાયમી લાભ સ્વજનો Youtube મારફતે લઇ શકશે.

ભજનનો કાર્યક્રમ પૂર્ણ થયાં બાદ એવોર્ડ વિતરણનો કાર્યક્રમ શરૂ થયો હતો. આ વર્ષે એવોર્ડ માટે જેમને આમંત્રિત કરવામાં આવ્યાં હતા તે નવયુવાન શ્રી હિરેન પંચાલનો ટૂંકો પરિચય આપ્યા બાદ તેમને હરિઃૐ આશ્રમ સુરત તેમજ નડિયાદના ટ્રસ્ટીમંડળ દ્વારા રૂ. ૧,૫૦,૦૦૦/-નો ચેક અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું. **શ્રી હિરેન પંચાલ આદિવાસી વિસ્તારના નાના ખેડૂતો માટે ખેતીના ઓજારો બનાવવાનું તથા તે અંગેના સંશોધનનું સુંદર કાર્ય કરે છે** જે અંગે વિશેષ ઊંડાણથી સ્વજનોને સમજાવવા માટે શ્રી હિરેન પંચાલને જ વિનંતી કરતાં તેમણે પોતાનાં કાર્ય અંગેનો ટૂંકો પરિચય આપ્યો હતો.


એવોર્ડ વિતરણ બાદ સ્વજનો જેમના મુખે શ્રીમોટાના પ્રસંગો સાંભળવા માટે આતુર હતા તેવા **શ્રી કમલભાઈ મહેતાનો** ટૂંકો પરિચય તેમનાં જ પિતાશ્રીએ લખેલ એક લેખ દ્વારા આપવામાં આવ્યો હતો. શ્રી કમલભાઈએ સ્ટેજ પર શ્રીમોટાને પ્રણામ કરીને પ્રવચન શરૂ કર્યું હતું. કમલભાઈ મહેતાએ ખૂબ જ ભાવપૂર્વક એક પછી એક પૂજ્ય શ્રીમોટાના રસપ્રદ પ્રસંગો સ્વજનો સમક્ષ અનોખી શૈલીમાં વ્યક્ત કર્યા હતાં જેમાંના કેટલાક પ્રસંગો તો હજુ સુધી ક્યાંય ગ્રંથસ્થ પણ થયા નથી તેમણે રજૂ કરેલ વિવિધ પ્રસંગો જેવા કે –

(૧) બાળઉછેર માટે સારાં તેમજ મુશ્કેલ સમયે પણ ટકી રહેવાં માટે બાળક ટેવાયેલું હોય તેવા વિવિધ પ્રસંગો દ્વારા સ્વજનોને પ્રત્યક્ષ શિખામણ આપવાની રીત તેમજ નાના મોટા પ્રસંગો ઊભા કરી બાળકોમાં તેમજ સ્વજનોમાં રહેલી સૂગની વૃત્તિ દૂર કરવાં અંગેની શ્રી મોટાની કાર્યપદ્ધતિનો પ્રસંગ (૨) કમલભાઈના દાદાજી અને શ્રી નંદુભાઈના મામા શ્રી ગોપાલદાસના મૃત્યુ સમયે શરીરમાં નાડીના ધબકારા ન હોવા છતાં જે નામસ્મરણ લેવાતું હતું તે પ્રસંગ. (૩) શ્રીમોટા અનેક યોનિઓમાં પોતાના નિમિત્તિક જીવો સાથે સંકળાયેલ હોય છે. (૪) શ્રી ડાહીબાનો શ્રી સત્યસાંઈ બાબા સાથેનો પ્રસંગ (૫) શ્રી હેમંતદાદાનો મહર્ષિ અરવિંદ સમક્ષ ત્રાટકનો પ્રસંગ (૬) અમદાવાદના બે સગા ભાઈઓના મનદુઃખનું લગ્ન પ્રસંગમાં સમાધાન પ્રસંગ (૭) કિશોર વયમાં કમલભાઈને શ્રીમોટાની સ્થૂળ સેવા કરવાનો એકવાર કેવી રીતે અનેરો અવસર મળ્યો હતો વગેરે અનેક પ્રસંગોનું એવું તો આબેહૂબ વર્ણન કર્યું કે સ્વજનોમાં શ્રીમોટાનો વિડીયો જોતાં હોઈએ તેવો ભાવ પ્રગટાવી દીધો હતો. ઘણાં સ્વજનો તો આ પ્રસંગો સાંભળતા સાંભળતા ભાવવિભોર બનીને આંસુઓ પણ સારતાં હતાં.

ઉત્સવ સ્થળે કોઈ કારણસર રૂબરૂ આવી નહિ શકેલા ૨૦૦૦થી વધુ સ્વજનોએ શ્રી કમલભાઈ દ્વારા આપવામાં આવેલ વ્યક્તત્યનો તેમજ સમગ્ર ઉત્સવનો લાભ દ્વારા YOUTUBE LIVEના માધ્યમ દ્વારા માણ્યો હતો. આશ્રમની Youtube ચેનલ મારફતે સૌ સ્વજનો આ વિડીયો હંમેશાં જોઈ શકશે. આશ્રમ દ્વારા રજૂ કરવામાં આવતાં **શ્રીમોટાનાં ભજનો તેમજ આ પ્રકારના ઉત્સવનો લાભ મેળવવા માટે આશ્રમની ચેનલ https://youtube.com/@HariOmmotaને સબ્સ્ક્રાઈબ કરવાં નમ્ર વિનંતી છે.**

ખૂબ જ ભાવભર્યા વાતાવરણમાં ગુરુવંદના કરી ઉત્સવનું સમાપન થયું. સૌ સ્વજનોએ મનોમન શ્રીમોટાનો આગામી ભાદરવા વદ ચોથના જન્મદિન ઉત્સવમાં ફરી ભેગાં મળવાના સંકલ્પ સાથે ખીચડી-કઢી અને શાકનો દિવ્ય પ્રસાદ આરોગી સૌ છૂટા પડ્યા. શ્રીમોટાનો આગામી જન્મદિન ઉત્સવના યજમાન શ્રીમતી ઉષાબહેન ખેર દ્વારા નડિયાદ મુકામે યોજાનાર છે.

**ઉત્સવ દરમ્યાન પૂજય શ્રીમોટાની સૂક્ષ્મ હાજરીનો અનુભવ અનેક સ્વજનોને થયો હતો.** ઉત્સવના અંતે આશ્રમ તરફથી યજમાન શ્રી હેમંતભાઈ મોદી પરિવારને પૂજ્ય શ્રીમોટાના ફોટાની સ્મૃતિભેટ આપવામાં આવી હતી. યજમાન પરિવાર તરફથી ઉત્સવમાં પધારનાર સૌ સ્વજનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. **હરિઃૐ આશ્રમ, સુરત ટ્રસ્ટીમંડળ** ઉત્સવને સફળ બનાવવા માટે મદદરૂપ થયેલ તમામ સ્વજનોનો, યજમાન પરિવારનો, મુખ્ય મહેમાન, સૌ સ્વજનો, દાતાશ્રીઓ વગેરેનો હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર માને છે.



# હરિઃૐ આશ્રમ, નડીઆદ

## ગુરુપૂર્ણિમા ઉજવણી
## હરિઃૐ આશ્રમ, નડીઆદમાં કરવામાં આવશે.

**યજમાન : શ્રીમતી ઇલાબેન નિમિષભાઈ શાહ પરિવાર**

ભારત કોલોની, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ તરફથી સૌને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

- **તા. ૨૧-૦૭-૨૦૨૪, રવિવાર**

| | |
|---|---|
| ૮-૦૦ થી ૮-૩૦ | અલ્પાહાર, ચા-કોફી |
| ૮-૩૦ થી ૯-૩૦ | પ્રાર્થના, ભજન |
| ૯-૩૦ થી ૧૧-૦૦ | નામસ્મરણ, આરતી |
| ૧૧-૦૦ થી ૧૧-૩૦ | ગુરુવંદના, આભારવિધિ, મહાપ્રસાદ |
| ૧૧-૩૦ થી ૪-૦૦ | હરિઃૐ ધૂન, (નામ-સ્મરણ) |
| ૪-૦૦ થી ૪-૩૦ | નાસ્તો, ચા-કોફી |

**નોંધ : મહાપ્રસાદના સમય દરમિયાન હરિઃૐ ધૂન ચાલુ રહેશે. સહુ વારાફરતી મહાપ્રસાદ લેવા જઈ શકશે.**

- **તા. ૨૨-૦૭-૨૦૨૪, સોમવાર** પૂજ્ય શ્રીમોટા દેહત્યાગદિન કાર્યક્રમ


  'હરિસ્મૃતિ', ફાજલપૂર મહિસાગર નદીના કિનારે, ફાજલપૂર, વડોદરા.

  હરિઃૐ નામસ્મરણ મંદિર, નરોડા દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવે છે. તો વધુ વિગતો સંબંધિત પાસેથી મેળવવા વિનંતી.

- **તા. ૨૨-૦૯-૨૦૨૪, રવિવાર** પૂજ્ય શ્રીમોટાનો ૧૨૭મો જન્મદિન ઉત્સવ.
  (વધુ વિગતો હવે પછીના અંકમાં જણાવવામાં આવશે.)

# ગુરુપૂર્ણિમા મંગલાષ્ટક

(શાર્દુલવિક્રીડિત)



શીળી ચેતન ચાંદની વરસતી આજે ગુરુપૂર્ણિમા,
અંધારા જીવને પ્રકાશ ભરતી તારી ગુરુચેતના.
આજે હો ગુરુવર્યને હૃદયના ભાવોર્મિની વંદના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૧

તારો નિર્મળ સંગ-સાથ જીવને ઉર્ધ્વે ગતિ પામવા,
તારી ગોદ હૂંફાળને શુભ સદા શાંતિપ્રદા મોક્ષદા.
મીઠીને કરુણામયી તવ કૃપા પ્રેમાગ્નિ કેરી શિખા!
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૨

તારા પાવક સ્પર્શથી હૃદયમાં જાગો પ્રભુ ઝંખના,
અજ્ઞાની જડતાભર્યાં જીવનમાં હૈયે વહો ભાવના.
ઊર્ધ્વારોહણ હો સદા જીવનનું આ નિમ્ન સંસારમાં,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૩

સંસારે તરતી રહો જીવનની નૌકા પદે પ્રાર્થના,
ડૂબું ના ગુરુદેવ ! આ ભવજલે અગાધ ઊંડાણમાં;
દ્વંદ્વોથી ભરપૂર આ જીવનમાં પ્રેમૈક્યતા પામ્યા,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૪

કેવી આ મન-પ્રાણ ને તન તણી લાખો ઊઠે કામના?
સંસારી સૌ ક્ષુદ્ર શુષ્ક સુખની હૈયે જલે વાસના.
મેલી આ મનની ગતિ શમી જજો તારા ઊંડા ભાવમાં,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૫

કોટિ કોટિ કરું સદા ગુરુપદે ભાવોર્મિની વંદના,
પૂજા હો પદપંકજે હૃદયની પુષ્પો ખીલ્યાં ભાવનાં.
તારા મંગલ સંગથી જીવનમાં જાગો પ્રભુઝંખના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૬

દેજો હે ગુરુદેવ ! આજ દિલની કલ્યાણકારી દુવા,
પ્રકૃતિ મમ નિમ્ન ઉર્ધ્વ કરજો તારી કૃપા-ચેતના;
જન્મોજન્મ ભજું પ્રભુચરણને વગે થજો સાધના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૭

હૈયાના ગુણભાવની તવ પદે અર્પું ગુરુદક્ષિણા,
વ્હેજો આ ગુરુભાવગંગ હૃદયે એવી પદે પ્રાર્થના;
ચેતાવી શુભ પ્રેમયજ્ઞ જીવને તારી કરું અર્ચના,
આહુતિ દઈને સદાય દિલની પામું તને સર્વદા ! ૮

– સરોજબેન કાંટાવાલા

**(Printed Matter)**

**Bi-monthly RNI No. GUJGUJ/2018/76364**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 and **published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD-387001.**

Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL